dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 342 | AD - 2026, Bhadarva Sud-08 | Saturday, Dt. 19-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### મૂડીઝ રેટિંગ્સે ભારતની આર્થિક સ્થિરતાને ધ્યાનમાં રાખીને વાસ્તવિક જીડીપી વૃદ્ધિદરની આગાહી ૬ ટકાથી વધારીને ૭ ટકા કરી

## વૈશ્વિક કટોકટી વચ્ચે ભારતનું અર્થતંત્ર વધુ મજબૂત બન્યુ

નવી દિલ્હી, તા. ૧૮

વિશ્વભરમાં ચાલી રહેલા તણાવ અને મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે પણ ભારતીય અર્થતંત્ર તેની મજબૂતાઈ જાળવી રહ્યું છે. રેટિંગ એજન્સી મૂડીઝ રેટિંગ્સે ભારતની આર્થિક સ્થિરતાને ધ્યાનમાં રાખીને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ (એફવાય૨૭) માટે ભારતના વાસ્તવિક જીડીપી વૃદ્ધિદરની આગાહી ૬ ટકાથી વધારીને ૭ ટકા કરી છે. મૂડીઝના મતે વૈશ્વિક આંચકા અને ભૂ-રાજકીય તણાવની અસર વચ્ચે પણ જી૨૦ દેશો તથા સમકક્ષ અર્થતંત્રોમાં ભારતનો વિકાસદર સૌથી ઝડપી રહેવાની સંભાવના છે.એજન્સીએ ભારતના સાર્વભૌમ રેટિંગની સમયાંતરે કરવામાં આવતી સમીક્ષા દરમિયાન આ સુધારો કર્યો છે. ઉપલબ્ધ આંકડા મુજબ, કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં ભારતનો જીડીપી વૃદ્ધિદર ૮.૨ ટકા નોંધાયો હતો, જ્યારે વર્ષ ૨૦૨૫માં આ વૃદ્ધિદર ૭.૩ ટકા રહ્યો હતો. અર્થતંત્રની આ ઝડપી ગતિ પાછળ અનેક મહત્વપૂર્ણ પરિબળો જવાબદાર હોવાનું મૂડીઝે જણાવ્યું છે.ખાનગી વપરાશમાં નોંધાયેલી મજબૂત વૃદ્ધિએ ભારતીય અર્થતંત્રને મહત્વપૂર્ણ ટેકો આપ્યો છે. આ ઉપરાંત મજબૂત નિશ્ચિત રોકાણ અને માળખાગત સુવિધાઓના વિકાસ માટે સરકાર દ્વારા કરવામાં આવતા સતત ખર્ચથી પણ આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળ્યો છે. સેવા ક્ષેત્રે પણ મજબૂત કામગીરી





જાળવી રાખતાં દેશના આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. આગામી સમયમાં ખાનગી રોકાણમાં સંભવિત સુધારો થાય તો તે પણ ભારતના આર્થિક વિકાસ માટે સકારાત્મક પરિબળ બની શકે છે.જોકે, મૂડીઝે ભારતના ભવિષ્યના આર્થિક સ્વાસ્થ્ય અંગે કેટલાક પડકારો તરફ પણ ધ્યાન દોર્યું છે. એજન્સીના જણાવ્યા અનુસાર મધ્ય પૂર્વમાં વણઉકેલાયેલો સંઘર્ષ અને ક્રૂડ ઓઈલના ઊંચા ભાવને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૭માં સરેરાશ ફુગાવાનો દર ૪.૮ ટકા સુધી પહોંચી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં સરેરાશ ફુગાવાનો દર ૨.૪ ટકા રહેવાનો અંદાજ હતો. આ ઉપરાંત અલ નીનોની અસરને કારણે ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો, ઊર્જા અને ખાતરની આયાતના ખર્ચમાં વધારો તથા વિદેશથી મળતી રેમિટન્સમાં ઘટાડો ચાલુ ખાતાની ખાધને વધારી શકે છે. તેના પરિણામે આર્થિક વિકાસ પર અમુક અંશે અસર થવાની શક્યતા છે.રાજકોષીય નીતિ અંગે મૂડીઝે જણાવ્યું છે કે વૈશ્વિક આંચકા વચ્ચે પણ ભારત સરકારે રાજકોષીય શિસ્ત જાળવી રાખી છે. સરકાર કેન્દ્રીય બજેટ ખાધને ૪.૪ ટકાથી ઘટાડીને ૪.૩ ટકા કરવાની દિશામાં આગળ વધી રહી છે. જોકે, ઊર્જા સબસિડી, વધતો સંરક્ષણ ખર્ચ અને માળખાગત સુવિધાઓમાં સતત રોકાણને કારણે સરકાર પર થોડું નાણાકીય દબાણ ઊભું થઈ શકે છે.આ પડકારો છતાં ભારતના રાજકોષીય આંકડામાં ધીમે ધીમે સુધારો થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. મજબૂત નોમિનલ જીડીપી વૃદ્ધિ અને કરવેરાની આવકમાં સુધારો સરકારની નાણાકીય સ્થિતિને વધુ મજબૂત બનાવવામાં મદદરૂપ થઈ શકે છે. મૂડીઝના સુધારેલા અંદાજથી વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ ભારતીય અર્થતંત્રની સ્થિરતા અને વૃદ્ધિની ક્ષમતા અંગે સકારાત્મક સંકેત મળ્યો છે.

## પાકિસ્તાન તરફથી ઘુસણખોરીની આશંકાને પગલે ભારતે સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી

જમ્મુ, તા.૧૮

પાકિસ્તાન તરફથી સંભવિત ઘૂસણખોરી અંગેના ઈનપુટ્સને પગલે ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર સુરક્ષા વધુ કડક કરવામાં આવી છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની સેના અને તેની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ દ્વારા ઘૂસણખોરીનો પ્રયાસ થઈ શકે છે. જેને ધ્યાનમાં રાખીને સરહદના સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, બીએસએફ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) અને




અન્ય અર્ધલશ્કરી દળો દિવસ-રાત પાકિસ્તાન તરફથી વહેતી નદીઓ-નાળાઓ, સંભવિત ઘૂસણખોરી માર્ગો અને સરહદી ખેતરો પર નજર રાખી રહ્યા છે. અનેક સ્થળોએ કાયમી ચોકીઓ સ્થાપિત કરી મુલાકાતીઓની તપાસ કરવામાં આવી રહી છે.બીએસએફ દ્વારા સરહદ સુરક્ષાની કામગીરી સંભાળવામાં આવી છે, જ્યારે વધારાના જવાનો સાથે એસઓજીનું સંયુક્ત પેટ્રોલિંગ પણ ચાલી રહ્યું છે. આ ઉપરાંત, સેનાની ક્વિક રિએક્શન ટીમ સંવેદનશીલ વિસ્તારોમાં નિયમિત પેટ્રોલિંગ કરી રહી છે.સાંબા સેક્ટર પર અગાઉ પણ ઘૂસણખોરીના પ્રયાસો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

કાંટાળા તારની વાડ કાપવા ઉપરાંત નદીઓ-નાળાઓ અને સુરંગોના માર્ગે ઘૂસણખોરીના પ્રયાસો થયાના અહેવાલ છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા મુજબ, પાકિસ્તાની સેનાએ લહરી કલાન અને સુકમાલમાં બે લોન્ચિંગ પેડ સ્થાપિત કર્યા છે. ઓપરેશન સિંદૂર બાદ પણ ભારતીય સુરક્ષા દળો સરહદ પર સતત સતર્કતા જાળવી રહ્યા છે.

## પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાં મસ્જિદ પાસે વિસ્ફોટ: ૧૬ના મોત

ઈસ્લામાબાદ,તા.૧૮

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના કોહાટ જિલ્લામાં શુક્રવારની નમાજ દરમિયાન મસ્જિદ પાસે જોરદાર વિસ્ફોટ થતાં અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનામાં ૧૬ લોકોનાં મોત થયા છે, જ્યારે ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે. મૃતકોમાં પાંચ પોલીસકર્મીઓ અને ૧૧ સામાન્ય નાગરિકોનો સમાવેશ થાય છે. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે મસ્જિદનો



બહારનો ભાગ સંપૂર્ણપણે તૂટી ગયો હતો અને એક દીવાલ પણ ધરાશાયી થઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર પ્રાથમિક તપાસમાં જૂની પોલીસ લાઈન્સના ગેટ સાથે વિસ્ફોટકોથી ભરેલી ગાડી અથડાવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પાકિસ્તાનમાં જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૯૯૦ આતંકી ઘટનાઓમાં ૧૧૨૯ લોકોનાં મોત થયા હોવાનું જણાવાયું છે. ખૈબર પખ્તૂનખ્વાના મુખ્યમંત્રી સોહેલ અફરીદીએ ઘટનાનો સંપૂર્ણ રિપોર્ટ માંગ્યો છે. તેમણે નિર્દોષ લોકોને નિશાન બનાવવાની ઘટનાને અત્યંત ગંભીર ગણાવી હતી અને ઘાયલોને તાત્કાલિક સારવાર આપવા અધિકારીઓને સૂચના આપી હતી. તેમણે કહ્યું કે આતંકવાદીઓની આવી હરકતોથી દેશનું મનોબળ તૂટશે નહીં. ખૈબર પખ્તૂનખ્વાના ગવર્નર ફૈસલ કરીમ કુંડીએ પણ વિસ્ફોટની નિંદા કરી હતી. કોહાટમાં અગાઉ પણ મોટો હુમલો થયો હતો. વર્ષ ૨૦૧૦માં પોલીસ લાઈન્સ પાછળ આવેલી પોલીસ કોલોનીમાં રિમોટ કંટ્રોલ બોમ્બ વિસ્ફોટમાં ૨૦ લોકોનાં મોત થયા હતા અને ૯૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

### ચોમાસાની સિઝનમાં અત્યાર સુધી સામાન્ય કરતા ૧૫ ટકા ઓછો વરસાદ, કૃષિ અને ખાદ્ય મોંઘવારી પર અસરની ભીતિ

## દેશમાં અલ નીનોની અસરથી ૨૦૦૯ પછીનું સૌથી નબળુ ચોમાસું

નવી દિલ્હી,તા.૧૮

ભારતમાં અલ નીનો સક્રિય થતાં ચોમાસાની ગતિ નબળી પડી છે. ભારત મોસમ વિજ્ઞાન વિભાગ (IMD) અનુસાર જૂનથી સપ્ટેમ્બર સુધીની ચોમાસાની સિઝનમાં અત્યાર સુધી દેશભરમાં સામાન્ય કરતા ૧૫ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. વરસાદની આ સ્થિતિ યથાવત રહી તો વર્ષ ૨૦૦૯ પછીનું સૌથી નબળું ચોમાસું સાબિત



થઈ શકે છે. વર્ષ ૨૦૦૯માં સામાન્ય કરતા ૧૮ ટકા ઓછો વરસાદ નોંધાયો હતો. ભારત ચોખા, ખાંડ અને કપાસના મોટા ઉત્પાદક દેશોમાં સામેલ છે અને કરોડો ખેડૂતો સિંચાઈ માટે મોસમી વરસાદ પર નિર્ભર છે. ઓછા વરસાદથી વર્તમાન પાકને અસર થવાની સાથે આગામી પાકની વાવણી પણ પ્રભાવિત થવાની શક્યતા છે. વરસાદની ઘટને કારણે ખાદ્ય ચીજોના ભાવ પર પણ અસર જોવા મળી રહી છે. ઓગસ્ટમાં ખાદ્ય મોંઘવારી વધીને ૫.૯૫ ટકા થઈ હોવાનું જણાવાયું છે. અર્થશાસ્ત્રીઓના મતે ચોમાસામાં એક ટકાની ઘટ ખાદ્ય મોંઘવારીમાં આશરે ૨૫ બેસિસ પોઈન્ટનો વધારો કરી શકે છે. સરકાર દ્વારા ખાંડની ઉપલબ્ધતા જાળવવા ડ્યુટી-ફ્રી આયાતને મંજૂરી આપવામાં આવી છે. સપ્ટેમ્બરના અંતિમ સપ્તાહમાં બંગાળની ખાડીમાં ચક્રવાત માટે અનુકૂળ સ્થિતિ સર્જાય તો પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં વરસાદ થઈ શકે છે, પરંતુ દેશવ્યાપી વરસાદની ઘટમાં મોટો સુધારો થવાની શક્યતા ઓછી છે.

## નિઠારી કાંડના આરોપી સુરેન્દ્ર કોલીની હરિદ્વારમાં આત્મહત્યા


હરીદ્વાર,તા.૧૮

નિઠારી કાંડના આરોપી સુરેન્દ્ર કોલીએ શુક્રવારે હરિદ્વારમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનું સામે આવ્યું છે. ઘટના ઉત્તર હરિદ્વારના ભૂપતવાલા વિસ્તારમાં બની હોવાનું જાણવા મળે છે. લગભગ ૧૯ વર્ષ જેલમાં રહ્યા બાદ નવેમ્બર ૨૦૨૫માં સુપ્રીમ કોર્ટે અંતિમ કેસમાં પણ તેને નિર્દોષ જાહેર કર્યો હતો. નોઈડાના નિઠારીમાં વર્ષ ૨૦૦૫-૦૬ દરમિયાન બાળકો અને મહિલાઓ ગુમ થયા બાદ કોલીનું નામ સામે આવ્યું હતું. ૨૯ ડિસેમ્બર ૨૦૦૬ના રોજ તેની કોઠીના પાછળના નાળામાંથી માનવ અવશેષો મળતાં ચકચાર મચી હતી.









**મૂળ બગસરાના વતની હોવાનું જાણવા મળ્યુ, અગાઉ આરોપીઓ દલખાણીયા ગામે રહેતા હતા**

# ૨ ૨ વર્ષથી ફરાર ચાર આરોપીઓને અમરેલી પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી પાડ્યા

**ધારીના વર્ષ ૨૦૦૪ના ફોજદારી કેસમાં સંખેડા અને અમદાવાદમાંથી આરોપીઓ ઝડપાયા**

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે અમરેલી પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા વધુ એક મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી છે. અમરેલી પોલીસ દ્વારા ફોજદારી કેસમાં છેલ્લા ૨ ૨ વર્ષથી ફરાર ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. પેરોલ ફર્લો સ્કવોડના સીધા સુપરવિઝન હેઠળ ચાર મહિનાની સતત તપાસ બાદ આ સફળતા મળી હતી.ધારી કોર્ટના ફોજદારી કેસમાં ચારેય આરોપીઓ લાંબા સમયથી વોન્ટેડ હતા. આરોપીઓને ઝડપી પાડવા ટીમે છેલ્લા ચાર મહિનાથી ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. આરોપીઓ અગાઉ ધારી તાલુકાના દલખણિયા વિસ્તારમાં રહેતા હોવાનું અને તેમનું મૂળ વતન બગસરા હોવાનું જાણવા મળ્યું હતું. ટીમે બંને સ્થળોએ માનવ બાતમીના આધારે તપાસ કરી હતી. ઉપરાંત ઈ-ગુજકોપ, આઈ.સી.જે.એસ. અને ગાંડીવ પોર્ટલમાં પણ આરોપીઓ અંગે તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપીઓ રાજકોટ, અમદાવાદ અને ત્યારબાદ નર્મદા જિલ્લાના કેવડિયા વિસ્તારમાં સ્થળાંતર કરી



ચૂક્યા હોવાનું સામે આવ્યું હતું. વધુ તપાસમાં ત્રણ આરોપીઓ સંખેડા તાલુકાના વાસણા ગામે આવેલા નિજાનંદ આશ્રમમાં રહેતા હોવાનું જાણવા મળ્યું હતું. તેમાંથી એક આરોપી સ્વામી નિજાનંદગીરી તરીકે આશ્રમ ચલાવતો હતો. જ્યારે ચોથો આરોપી અમદાવાદના વેજલપુર વિસ્તારમાં આવેલા મંદિરમાં રહી સેવા-પૂજા કરતો હોવાનું બહાર આવ્યું હતું.માહિતીની ખરાઈ કર્યા બાદ ટીમે વાસણા ગામના આશ્રમમાંથી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. જ્યારે ચોથા આરોપીને અમદાવાદના વેજલપુર વિસ્તારમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો.

તમામ આરોપીઓને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ધારી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.

**આરોપીના નામ-સરનામા**

★હર્ષદભાઈ શામળજીભાઈ ઉર્ફે શામળભાઈ વ્યાસ (ઉંમર ૭૬ વર્ષ, નિવૃત્ત) - રહે. નિજાનંદ આશ્રમ, વાસણા, તા. સંખેડા, જિ. છોટાઉદેપુર.

★સમીરભાઈ હર્ષદભાઈ વ્યાસ (ઉંમર ૫૦ વર્ષ, વ્યવસાય: સ્ટોક માર્કેટ ટ્રેડિંગ)- રહે. નિજાનંદ આશ્રમ, વાસણા, તા. સંખેડા, જિ. છોટાઉદેપુર.

★નીરજભાઈ હર્ષદભાઈ વ્યાસ (ઉંમર ૪૪ વર્ષ, હાલ સ્વામી નિજાનંદગીરી, ગુરુ નિરંજનદેવ, વ્યવસાય: સેવાપૂજા) - રહે. નિજાનંદ આશ્રમ, વાસણા, તા. સંખેડા, જિ. છોટાઉદેપુર.

★મુકેશભાઈ શામળજીભાઈ ઉર્ફે શામળભાઈ વ્યાસ (ઉંમર ૭૨ વર્ષ, વ્યવસાય: સેવાપૂજા) - રહે. ૧૩, ગોકુલધામ એપાર્ટમેન્ટ, વેજલપુર, જિ. અમદાવાદ.

# અમરેલીમાં સ્વચ્છતા અંગે નાગરિકોએ શપથ લીધા

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લાને સ્વચ્છ અને સુંદર બનાવવાના હેતુથી વિશેષ સ્વચ્છતા અભિયાનનો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો છે. ગતરોજ 'આશીર્વાદના દીવા' જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં શહેરના પ્રબુધ્ધ નાગરિકો, સામાજિક અગ્રણીઓ તેમજ વહીવટી તંત્રના અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ




દરમિયાન દેશભક્તિ અને સેવાના રંગે રંગાયેલા વાતાવરણમાં ઉપસ્થિત સૌએ સ્વચ્છતા પ્રત્યે પોતાની નૈતિક ફરજ નિભાવવાનો સંકલ્પ કર્યો હતો. 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત નાગરિકો, ભાઈઓ-બહેનો અને યુવાનોએ એકસાથે શપથ લઈને પોતાના ઘર, શેરી, મહોલ્લા તથા જાહેર સ્થળોને કચરામુક્ત રાખવાનો દૃઢ નિર્ધાર કર્યો હતો. વહીવટી તંત્ર અને સ્થાનિક પદાધિકારીઓએ સ્વચ્છતા માત્ર સરકારી કાર્યક્રમ નહીં, પરંતુ જનઆંદોલન હોવાનું જણાવી લોકભાગીદારી માટે અપીલ કરી હતી. આગામી દિવસોમાં શ્રમદાન સાથે અભિયાનને અમરેલીના ખૂણે-ખૂણે પહોંચાડાશે.

# અમરેલીમાં નગરપાલિકા દ્વારા વિશેષ સ્વચ્છતા ઝુંબેશ શરૂ

**સેન્ટર પોઈન્ટ સર્કલ, ઓમ નગર અને લાઠી રોડ સહિતના વિસ્તારોમાં સફાઈ કામગીરી હાથ ધરાઈ**

અમરેલી,તા.૧૮

અમરેલી નગરપાલિકા દ્વારા શહેરમાં વિશેષ સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ હતી. અભિયાન અંતર્ગત સેન્ટર પોઈન્ટ સર્કલ, ઓમ નગર, લાઠી રોડ સહિતના જાહેર માર્ગો અને સ્થળોએ



સઘન સફાઈ કામગીરી હાથ ધરાઈ હતી. નગરપાલિકા ટીમે રસ્તાઓ પરથી કચરો હટાવી, ઝાડુ લગાવી શ્રમદાન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે તા. ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી અમરેલી જિલ્લામાં તાલુકા તેમજ શહેરી-ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ યોજાશે. સરકારી વિભાગોની જિલ્લા કચેરીઓમાં પણ સફાઈ અભિયાન હાથ ધરાશે. સ્વચ્છતા જાહેર આરોગ્ય સાથે સીધી રીતે જોડાયેલી હોવાથી નગરપાલિકા દ્વારા નાગરિકોને પણ પોતાના ઘરની આસપાસ સફાઈ રાખી અભિયાનમાં સહયોગ આપવા અપીલ કરાઈ છે.

**પ્રધાનમંત્રીના જન્મદિને આગેવાનોએ સરકારી યોજના વિશે માહિતી આપી, ૧૦ ખેડૂતોએ અંગદાનનો સંકલ્પ લીધો**

# દિતલામાં પ્રાકૃતિક કૃષિ અને અંગદાન અંગે પરિસંવાદ

ધારી,તા.૧૮

ધારી તાલુકાના દિતલા ગામે શેલ નદીના કાંઠે આવેલા દેવાંગી આશ્રમ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ ''પ્રાકૃતિક કૃષિ અને અંગદાન મહાદાન'' વિષય પર પરિસંવાદ યોજાયો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. બાગાયત અધિકારીઓ દ્વારા આંબાની ખેતી, રોગ-જીવાત નિયંત્રણ, ગુણવત્તાયુક્ત ઉત્પાદન, ઔષધીય ખેતી અને બજાર વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર દ્વારા પ્રાકૃતિક ખેતીના ફાયદા, જમીનની ફળદ્રુપતા જાળવણી તથા ખેતી ખર્ચમાં ઘટાડા અંગે માહિતી અપાઈ હતી. સાંસદ ભરતભાઈ



સુતરીયા અને ગુજરાત રાજ્ય નાણા આયોગના સભ્ય અભેસિંહજી ચૌહાણે ખેડૂતોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા અપીલ કરી હતી. કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિત આગેવાનો અને પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. અંગદાન મહાદાન અંગે જાગૃતિ ફેલાવતા ૧૦ ખેડૂતોએ અંગદાનનો સંકલ્પ લીધો હતો. કાર્યક્રમનું આયોજન નમો ઔષધીય, મિલેટ અને પ્રાકૃતિક ખેત ઉત્પાદન સહકારી મંડળીના પ્રમુખ હિરેન હિરપરાના માર્ગદર્શન હેઠળ કરાયું હતું.

# પીએમ મોદીના જન્મદિને શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ ઉજવાયો

અમરેલી,તા.૧૮

અમરેલીની શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિનની સેવાસંકલ્પ અભિયાન તરીકે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થા કક્ષાએ 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સંસ્થાના સંચાલક દંપતી દીપકભાઈ વઘાસિયા તથા વિલાસબેન



વઘાસિયા તેમજ શાળા પરિવારના દરેક સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાના વડા દીપકભાઈ વઘાસિયાએ સેવાસંકલ્પ અભિયાન તથા 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ અંગે ઉપસ્થિત સૌને વિગતે પરિચય આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સૌએ સાથે મળી જન્મદિનની ઉજવણી કરી હતી.

# સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરુકુળમાં રમતોત્સવ યોજાયો

અમરેલી,તા.૧૮

સાવરકુંડલા શહેરમાં શિક્ષણ, સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમાન સ્વામિનારાયણ ગુરુકુળના સાયન્સ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે રુચિ કેળવાય અને શારીરિક તંદુરસ્તી જળવાય તે હેતુથી રમતોત્સવ યોજાયો હતો. રમતોત્સવમાં ક્રિકેટ, દોડ સહિતની વિવિધ સ્પર્ધાઓ



યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની રમતગમતની પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. વિવિધ ટીમો વચ્ચે રમાયેલી મેચોમાં વિદ્યાર્થીઓએ ટીમવર્ક, શિસ્ત અને ખેલદિલીની ભાવના દર્શાવી હતી. કાર્યક્રમમાં ગુરુકુળના મેનેજિંગ ટ્રસ્ટી સ્વામી અક્ષરમુક્તદાસજી, નિયામક, આચાર્ય, શિક્ષકગણ અને આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ રમતગમતના મહત્વ અંગે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. અંતે વિજેતા અને શ્રેષ્ઠ ખેલાડીઓને ટ્રોફી, મેડલ તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

# અમરેલીમાં પોલીસકર્મીઓ અને પરિવારજનો માટે એઈમ્સના સહયોગથી ફ્રી કાર્ડિયાક નિદાન કેમ્પ યોજાશે

અમરેલી,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનને ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે, એઈમ્સ હોસ્પિટલના સહયોગથી અમરેલીની અનુકંપા ફાઉન્ડેશન દ્વારા પોલીસકર્મીઓ અને તેમના પરિવારજનો માટે નિઃશુલ્ક કાર્ડિયાક નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. ડૉ. ભરત કાનાબારના જણાવ્યા મુજબ, પોલીસ જવાનોના સ્વાસ્થ્યની સુરક્ષા અર્થે યોજાનાર આ કેમ્પ આગામી ૨૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૮ થી ૧૨ વાગ્યા દરમિયાન પોલીસ હેડક્વાર્ટરના ટ્રેનિંગ સેન્ટર હોલમાં યોજાશે. કેમ્પમાં એઈમ્સના હૃદયરોગ નિષ્ણાંત ડૉ. પલ્લવીબેન મહાજન અને ફિઝિશિયન ડૉ. કેયુરભાઈ કોટડીયા



સેવા આપશે, જેમાં કાર્ડિયાક તપાસ ઉપરાંત CBC, બ્લડ સુગર, લિપિડ પ્રોફાઈલ અને ECG ટેસ્ટ વિનામૂલ્યે કરાશે. આ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાત અધ્યક્ષસ્થાને તેમજ અગ્રણીઓ પી.પી. સોજીત્રા અને શૈલેષભાઈ સંઘાણી ખાસ ઉપસ્થિત રહેશે. અનુકંપા ફાઉન્ડેશન અને એઈમ્સની ટીમ આ આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહી છે.







# સોમનાથ ટ્રસ્ટ દ્વારા સારહિ તપોવન આશ્રમના તપસ્વીઓને વસ્ત્રદાન કરાયું

અમરેલી,તા.૧૮

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે સોમનાથ ટ્રસ્ટ દ્વારા વસ્ત્રદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યના અંદાજીત ૧૩૫ જેટલા વૃધ્ધાશ્રમોમાં વસ્ત્રદાન સાથે જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પણ સેવા કાર્યમાં જોડાયા હતા. અમરેલી ખાતે આવેલ સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન



આશ્રમના તપસ્વી ભાઈઓને ઝભ્ભા અને બહેનોને સાડી વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના સ્થાપક પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી રવિભાઈ ખેર અને સંસ્થાના સભ્ય ઋજુલભાઈ ગોડલીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ માનવતાભર્યા કાર્ય બદલ સારહિ પરિવાર દ્વારા ટ્રસ્ટનો આભાર માનવામાં આવ્યો હતો.

ત્રણ શખ્સોએ સાથે મળી ખોટી ફરિયાદ કરી હોવાથી ગ્રામજનોનું આવેદનપત્ર

# બરવાળા બાવીશીના ગ્રામજનોની ખોટી એટ્રોસીટી મામલે કલેક્ટર-SPને રજૂઆત

વડિયા,તા.૧૮

વડિયા/કુંકાવાવ તાલુકાના બરવાળા બાવીશી ગામના ગ્રામજનોએ અમરેલી કલેક્ટર અને SPને આવેદનપત્ર આપી ગામના આગેવાનો સામેના કાવતરા અને બદનામી અંગે તટસ્થ તપાસની માંગ કરી છે. રજૂઆત મુજબ, ગામના નરેશભાઈ ચાવડા, ઈલાબેન ચાવડા અને જયસુખભાઈ ચાવડાએ પૂર્વયોજિત ષડયંત્ર રચી દાદુભાઈ ડેર તથા ભરતભાઈ ડેરને ફસાવવા ખોટી એટ્રોસિટી ફરિયાદ ઊભી કરવાનો પ્રયાસ કર્યો છે. આ ઉપરાંત મીડિયા અને સોશિયલ મીડિયા પર અફવાઓ ફેલાવી તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો તેમજ નરેશ



વાળા નામના શખ્સે લોકોને ઉશ્કેરી સામાજિક વિખવાદ ઊભો કરવાનો આક્ષેપ કરાયો છે. સાથે જ પરિવારજનોએ દુકાને જઈ ત્રણ વખત ધમકી આપી હોવાનો પણ ઉલ્લેખ છે. ગામમાં શાંતિ જળવાઈ રહે, કાયદાનો દુરુપયોગ અટકે અને નિર્દોષો હેરાન ન થાય તે માટે એકતરફી કાર્યવાહી વિના નિષ્પક્ષ તપાસ કરી કસૂરવારો સામે કડક કાનૂની પગલાં ભરવા ગ્રામજનોએ માંગણી કરી છે.

લોકોને ઉશ્કેરી સામાજિક વિખવાદ ઊભો કરવાનો પણ આક્ષેપ

# તરવડા ગુરુકુળમાં ૨૦૦૦ દીવડાઓથી પીએમ મોદીના જન્મદિવસની ઉજવણી

અમરેલી,તા.૧૮

તરવડા ખાતે સ્વામિનારાયણ ગુરુકુળમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. ગુરુકુળના પ્રાંગણમાં આશરે ૨૦૦૦ વિદ્યાર્થીઓએ એકસાથે દીવડાઓ પ્રગટાવી ભક્તિભાવપૂર્વક ભગવાનની સમૂહ આરતી કરી હતી. આ પ્રસંગે સમગ્ર ગુરુકુળ પરિસર ૨૦૦૦ દીવડાઓના દિવ્ય પ્રકાશથી



ઝળહળી ઊઠ્યું હતું. વિદ્યાર્થીઓએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી તેમના સારા સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે ભગવાન સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા સામૂહિક દીપપ્રજ્વલન અને પ્રાર્થનાથી ગુરુકુળમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો.

# મહેશ કસવાળાની હાજરીમાં સા.કુંડલામાં ‘આશીર્વાદનો દીવો’ કાર્યક્રમનું આયોજન

અમરેલી,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિન તથા જાહેર જીવનની ૨૫ વર્ષની અવિરત સેવાયાત્રા નિમિત્તે સાવરકુંડલા ખાતે ‘આશીર્વાદનો દીવો’ કાર્યક્રમ ભવ્યતાથી યોજાયો હતો. સંતો-મહંતોની પાવન ઉપસ્થિતિ અને હજારો પ્રજ્વલિત દીવડાઓના પ્રકાશ વચ્ચે સમગ્ર વાતાવરણ દેશભક્તિ અને આધ્યાત્મિકતાથી



ઝળહળી ઊઠ્યું હતું. આ પ્રસંગે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વડાપ્રધાનના વ્યક્તિત્વમાં રહેલા નમ્રતા, નિર્ણાયકતા, નિર્ભયતા અને સમર્પણ જેવા ગુણોનું ભાવસભર વર્ણન કરી તેમની ૨૫ વર્ષની યાત્રાને રાષ્ટ્રનિર્માણનો સંકલ્પ ગણાવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, સંગઠનના હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં ઉમટી પડેલા નગરજનોએ દીપ પ્રજ્વલિત કરી વડાપ્રધાનને દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને રાષ્ટ્રસેવાની વધુ શક્તિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સાથે શુભકામનાઓ પાઠવી હતી.

# ચિતલ રેલવે સ્ટેશન પર દીવા પ્રગટાવી પીએમ મોદીના જન્મદિવસની ઉજવણી

અમરેલી,તા.૧૮

ચિતલ ગામ ખાતે ચિતલ રેલવે સ્ટેશન પર તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે દીવા પ્રગટાવી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાષ્ટ્રપ્રેમની ભાવના સાથે દીવા પ્રગટાવી ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં




ચિતલ ગામના આગેવાનો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતના હોદ્દેદારો અને ભાજપના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ગામના ભાઈઓ-બહેનો તેમજ બાળકોએ મોટી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગામના આગેવાનો અને ગ્રામજનોએ જન્મદિવસની ઉજવણીમાં સહભાગી બની કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

# અમરેલી જિલ્લાની ITIમાં પ્રવેશનો ચોથો રાઉન્ડ શરૂ

**૧૭ થી ૨૨ સપ્ટેમ્બર સુધી ખાલી બેઠકો માટે વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મળશે**

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લાની તમામ સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI) ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ માટે પ્રવેશ પ્રક્રિયાનો ચોથો રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે. ત્રીજા રાઉન્ડ બાદ ખાલી રહેલી બેઠકો માટે તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૨૨ સપ્ટેમ્બર સુધી અરજી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ છે. જે ઉમેદવારો અગાઉ ફોર્મ ભરવાનું ચૂકી ગયા હોય અથવા પ્રવેશ મળ્યો ન હોય, તેઓ નજીકની ITI ખાતે રૂબરૂ સંપર્ક કરી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે. અમરેલી જિલ્લા ITI દ્વારા તમામ લાયક ઉમેદવારોને રોજગારીલક્ષી ટેકનિકલ કોર્સમાં પ્રવેશ મેળવી ઉજ્જવળ કારકિર્દી બનાવવા ચોથા રાઉન્ડનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સા.કુંડલાની મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ કંપનીની મુલાકાતે

અમરેલી,તા.૧૮



સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે રાજુલા સ્થિત ગુજરાત કોલા કંપની ખાતે ઈન્ડસ્ટ્રી વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે BIS ઓફિસર અભિનવ સર ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્પાદન પ્રક્રિયા, ઔદ્યોગિક વ્યવસ્થાપન તેમજ ગુણવત્તા અને સલામતી ક્ષેત્રે ભારતીય માનકોના મહત્વ અંગે જાણકારી મેળવી હતી. શિક્ષકો નીતિનભાઈ સાવજ અને હરેશભાઈ ગુજરાતીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

# ખાંભાના પચપચીયામાં પિતા ખીજાતા સગીર પુત્રી ઘર છોડીને ચાલી નીકળી


**સગીરાની માતાએ ખાંભા પોલીસમાં જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી**

ખાંભા, તા.૧૮

ખાંભાના પચપચીયા ગામે એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. પિતા ખીજાતા સગીર પુત્રી ઘર છોડીને ચાલી નીકળી હતી. આ અંગે જમનાબેન કેશુભાઈ ડાભી (ઉ.વ-૪૨) એ જાહેર કર્યા મુજબ, તેમની સગીર દીકરીને તેના પપ્પા કેશુભાઈએ ડારો આપતા તે વાતનું માઠું લાગી આવતા તે પોતાની મેળે ઘરેથી કોઈપણ ચીજવસ્તુ લીધા વગર જતી રહી હતી.

ખાંભા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જી એમ જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી



અમરેલી,તા.૧૮

ચલાલા ખાતે આવેલા ગાયત્રી સંસ્કાર ધામમાં દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે દીપ પ્રાગટ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સૌ લોકોએ દીપ પ્રગટાવીને પ્રધાનમંત્રીને જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી અને તેમના દીર્ઘાયુષ્ય તથા સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરી હતી. કાર્યક્રમમાં ગાયત્રી સંસ્કાર ધામ સાથે જોડાયેલા સંતો, કાર્યકરો, આગેવાનો તથા મોટી સંખ્યામાં ભક્તજનો હાજર રહ્યા હતા. સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ઉત્સાહપૂર્ણ બની રહ્યું હતું.





**ધો. ૧૦ ઉચ્ચ ગ્રેડને – ધો. ૧૧ ફી રાહત**
**ધો. ૧૨ ઉચ્ચ ગ્રેડને – કોલેજ FY ફી રાહત**
★ ધો. ૧૦ A1 ગ્રેડને – ધો. ૧૧ આર્ટસ કોમર્સ સાયંસ 100% સ્કૂલ ફી માફ
• A2 ગ્રેડને 50% સ્કૂલ ફી માફ................(બોર્ડ – યુનિવર્સિટી ઉચ્ચ પરિણામ)
★ ધો. ૧૨ આર્ટસ કોમર્સ સાયંસ A1 ગ્રેડને BA - B.Com. - B.Sc. - BBA - BCA - B.Pharm ફર્સ્ટયર 100% કોલેજ ફી માફ • A2 ગ્રેડને ફર્સ્ટયર 50% કોલેજ ફી માફ ..........................................(સ્કૂલ – કોલેજ – હોસ્ટેલ વ્યાજબી ફી)
**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત**
**શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી**
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
-Ad143








**જાહેર નોટીસ**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં.૨૦૨/૨૦૨૬
જન્મ તારીખ : ૦૧-૦૧-૧૯૮૩

સૈયદ જેનમબીબી ખુદાબક્ષ,
રહે.કોબ, ગામ-કોબ, તાલુકો-ઉના
જિલ્લો-ગીર સોમનાથ

.......અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, કોબ,
ગ્રામ પંચાયત કચેરી, કોબ, તા.ઉના, જિલ્લો-ગીર સોમનાથ .....સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સૈયદ જેનમબીબી ખુદાબક્ષ,રહે.કોબ, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્ર ભીખુમીયા ખુદાબક્ષ સિરાજીનો જન્મ તારીખ : ૦૧-૦૧-૧૯૮૩ ના રોજ ઉના તાલુકાના કોબ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે.ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના




# જનક તળાવીયાની હાજરીમાં બાબરા શહેરમાં ‘આશીર્વાદનો દિવડો’ કાર્યક્રમનું આયોજન

બાબરા,તા.૧૮

બાબરા શહેરના તાપડીયા આશ્રમ ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ‘આશીર્વાદનો દિવડો’ કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં લાઠી-બાબરા-દામનગર વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિવિધ સમાજના



આગેવાનો, સામાજિક અને સેવાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ, કાર્યકર્તાઓ તથા શહેરીજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુ અને સ્વસ્થ જીવન માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમમાં ડમરૂનાદ, દિવડા આરતી તથા બાળાઓ દ્વારા ગરબાની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં દિવડા પ્રગટાવી સમગ્ર તાપડીયા આશ્રમ પરિસરને દીપમાળાથી ઝળહળતું કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સેવા, એકતા અને રાષ્ટ્રપ્રત્યેના સંકલ્પને વધુ મજબૂત કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. સમાજના આગેવાનો, કાર્યકર્તાઓની ઉપસ્થિતિથી કાર્યક્રમ ભવ્ય બન્યો હતો.

# દુધાળાના ભારત માતા સરોવર ખાતે ‘આશીર્વાદનો દીવડો’ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનમાં સેવા અને સમર્પણને બિરદાવવા સમગ્ર રાજ્યમાં ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી સેવા સંકલ્પ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.

તેના ભાગરૂપે દુધાળા હેતની હવેલી નજીક આવેલા ભારત માતા સરોવર ખાતે ‘આશીર્વાદનો



દીવડો’ કાર્યક્રમ યોજાયો હતો. હરિકૃષ્ણ ગ્રુપ સુરત અને ધોળકિયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં સામૂહિક દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.ગાગડિયો નદી પર હરિકૃષ્ણ સરોવરનું ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ લોકાર્પણ કરી જળસમૃદ્ધિની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૮ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ભારત માતા સરોવરનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ થયું હતું. વડાપ્રધાનના જન્મદિને તેમના દીર્ઘાયુ અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે શુભકામનાઓ પાઠવી નવો સંકલ્પ લેવામાં આવ્યો હતો.

# ધારીના આંબાગાળા ગામે માતાજીના મઢમાંથી ૮૪ હજારની રોકડ ચોરી

**અજાણ્યા ચોર ઈસમ સામે ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ**


ધારી, તા.૧૮

ધારીના આંબાગાળા ગામે માતાજીના મઢમાંથી ૮૪ હજારની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. આ અંગે સોઢાપરા ગામે રહેતા જગદીશભાઈ મગનભાઈ ચાવડા (ઉ.વ.૩૦)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના આંબાગાળા ગામે આવેલા ચાંમુડા માતાજીના મઢ (મંદીર)માં અપ પ્રવેશ કરી દાનપેટીમાંથી રૂ.૮૪,૦૦૦ની કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર વી રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા રેન્જમાં રેલવે ટ્રેક પર સિંહણ આવી ચડતા ટ્રેન રોકી દેવામા આવી

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લાના શેત્રુંજી વન વિભાગની લીલીયા રેન્જમાં મોડી રાત્રે એક સિંહણ રેલવે ટ્રેક પર આવી ચડતા વનવિભાગ અને રેલવે તંત્ર સતર્ક બન્યું હતું. અંટાળીયા તરફથી આવતા રેલવે ટ્રેક પર માઈલસ્ટોન નં. ૨૮/૧ અને ૨૮/૨ વચ્ચે સિંહણ જોવા મળી હતી. ડી.સી.



એફ. ચિરાગ અમીન અને એ.સી.એફ. રાજન જાદવના માર્ગદર્શન હેઠળ વનવિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફોરેસ્ટર ઈમરાન પઠાણ, વનમિત્ર અને રેલમિત્રની ટીમે સિંહણ પર નજર રાખી હતી. સિંહણને ટ્રેક પરથી ખસેડવા બે વખત પ્રયાસ કરવામાં આવ્યા હતા. આશરે અડધો કલાક ટ્રેન રોકી રાખવામાં આવી હતી. બાદમાં સિંહણ ટ્રેક પરથી પસાર થઈ કુદરતી રહેઠાણ તરફ જતા ટ્રેનને રવાના કરાઈ હતી. ટીમોની સતર્કતાથી અકસ્માત ટળ્યો હતો.

# ચણાનો દાણો શ્વાસનળીમાં ફસાઈ જતાં દોઢ વર્ષના બાળકનું કરૂણ મોત

**લીલીયાના આંબા ગામે ઘટના બની**

લીલીયા, તા.૧૮

લીલીયા આંબા ગામે વાડીએ રહેતા એક પરપ્રાંતીય શ્રમિકના દોઢ વર્ષના બાળકની શ્વાસનળીમાં ચણાનો દાણો ફસાઈ જતાં તેનું મોત થયું હતું. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના આંબવા તાલુકાના કુંડ ભીલ ફળીયુંના રહેવાસી પપુભાઈ ઉર્ફે પપ્પી ઈન્દ્રસિંહ માવી (ઉ.વ.૨૨)એ જાહેર કર્યા મુજબ તેમના દોઢ વર્ષના પુત્રએ મોઢામાં ચણા ખાવા માટે દાણો નાખ્યો હતો. જેના કારણે શ્વાસનળીમાં ચણાનો દાણો ફસાઈ જવાથી શ્વાસોચ્છવાસની ક્રિયા બંધ થઈ જવાથી મરણ પામ્યો હતો. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠી તાલુકાના અડતાળા ગામે ઠપકાના મનદુઃખમાં માથામાં તલવારનો ઘા માર્યો

**ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી**

લાઠી, તા.૧૮

લાઠીના અડતાળા ગામે ઠપકાના મનદુઃખમાં યુવકને માથામાં તલવારનો ઘા મારવામાં આવ્યો હતો. તેમજ ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે અનિરુધ્ધભાઈ કાથડભાઈ વાળા (ઉ.વ.૨૫)એ શિવરાજભાઈ વલકુભાઈ ખુમાણ, પ્રતાપભાઈ વલકુભાઈ ખુમાણ તથા વલકુભાઈ આપાભાઈ ખુમાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમને આરોપી શિવરાજભાઈ ખુમાણે ફોનમાં ગાળો આપી હતી. જે બાબતે તેમને ઠપકો આપ્યો હતો. આ વાતનું મનદુઃખ રાખી તેમને માથાના ભાગે તલવારનો એક ઘા મારતા છએક ટાંકાની ઈજા થઈ હતી. તેમજ બીજો ઘા મારવા જતા ફરિયાદીએ ડાબો હાથ આડો રાખતા ડાબા હાથની આંગળી તથા કોણી તથા ડાબી આંખ પાસે ચરકા ઉજરડા જેવી ઈજાઓ કરી હતી. અન્ય બંને આરોપીએ લોખંડના પાઈપ વડે શરીરે આડેધડ માર મારતા જમણા પગે સાંથળના ભાગે મુઢ ઈજા કરી હતી. ત્રણેય તેમને જેમફાવે તેમ ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી પી ડોડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**અમરેલીમાં ઇન્સ્ટાગ્રામ પર યુવતીનો ફોટો વાયરલ કરી બદનામ કરવાની અદાવતમાં**

# યુવક પર લાકડી-પાઈપ વડે જીવલેણ હુમલો

**સામસામી પોલીસ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા.૧૮

અમરેલીમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર પરિચિત યુવતીનો બળજબરીથી ફોટો પાડી તેને સ્ટોરીમાં વાયરલ કરી બદનામ કરવાની બાબતે ભારે વિવાદ સર્જાયો હતો. આ બાબતનું મનદુઃખ રાખી યુવતીના પરિવારજનો સહિત પાંચ શખ્સોએ રસ્તા વચ્ચે યુવકનું મોટરસાઈકલ રોકી તેના પર લાકડી, ધોકા અને લોખંડના પાઈપ વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના સામે આવી હતી. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. પ્રશાંતભાઈ મુકેશભાઈ જાદવ (ઉ.વ.૨૨)એ મુકેશભાઈ બારૈયા, સુરેશભાઈ ઉર્ફે શેમાભાઈ બારૈયા, સંજયભાઈ ઉર્ફે અદો બારૈયા, સોનલબેન બારૈયા તથા જયભાઈ સંજયભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમણે સુરેશભાઈ બારૈયાની દીકરી સાથેનો ફોટો પોતાના સોશિયલ એકાઉન્ટ ઈન્સ્ટાગ્રામમાં સ્ટોરી મુકી હતી. જે વાતનું મનદુઃખ રાખીને તેમને ડાબા ગાલ ઉપર નેણ ઉપર એક લાકડીનો ઘા મારતા તેમણે મોટર સાયકલ ઉભું રાખતા આરોપીઓએ શરીરે આડેધડ લાકડીના ઘા માર્યા હતા. તેમજ જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ માનસીબેન સુરેશભાઈ બારૈયા (ઉ.વ.૧૯)એ પ્રશાંત ઉર્ફે સતુ મુકેશભાઈ જાદવ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ યુવતી પોતાની માતાના મોબાઈલ ફોનમાં ઈન્સ્ટાગ્રામ ચલાવતી હતી. તે દરમિયાન આરોપી યુવકે પોતાના આઈડી પરથી ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી અને બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી. જોકે, આ વાતની જાણ યુવતીના પરિવારજનોને થઈ જતાં યુવતીએ તેની સાથે વાતચીત કરવાનું સદંતર બંધ કરી દીધું હતું.

આ વાતથી રોષે ભરાયેલા યુવકે યુવતીનો સતત પીછો કરવાનું શરૂ કર્યું હતું. એક દિવસ યુવતી જ્યારે બહાર હતી ત્યારે યુવકે પીછો કરી તેને જય કોમ્પ્લેક્સમાં આવેલા ‘તવા તડકા’ ખાતે અટકાવી હતી અને તેની સાથે બળજબરીપૂર્વક ફોટો પડાવ્યો હતો. ત્યારબાદ આ ફોટો યુવકે પોતાના ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક એકાઉન્ટ પર વાયરલ કરી યુવતીને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ વી મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: આઠમ
તા.૧૯-૦૯-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૨૬,
સૂર્યાસ્ત-૦૭:૦૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: માઘ

## દૈનિક રાશિફળ

**તા.૧૯-૦૯-૨૦૨૬ શનિવાર**

મેષ: આજનો દિવસ શુભ કાર્યોમાં વિતાવશે. દિવસના પહેલા ભાગમાં ઘરે ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે અને ધાર્મિક સ્થળોની યાત્રા બનશે.

વૃષભ: આજે સ્થિતિ બરાબર રહેશે. ધંધાની સ્થિતિમાં પણ સુધારો થઈ રહ્યો છે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી સ્થિતિ પણ મજબૂત થશે

મિથુન: આજે સિદ્ધિનો દિવસ છે સમયનો લાભ લો. ઓફિસમાં અધિકારીઓ આજે તમારી દરેક શક્ય સહાય કરશે. સત્તાવાર કાગળ કરવામાં વિલંબ ન કરો અન્યથા તે બાકી રહી શકે છે.

કર્ક: સવારથી તમારા માટે થોડો પ્રતિકૂળ સમય ચાલે છે. પારિવારિક વાતાવરણ પણ રોગગ્રસ્ત રહેશે. ઘરમાં સ્ત્રી સભ્યની તબિયત નબળી હોવાને કારણે ઘરના કામમાં પરેશાની થઈ શકે છે.

સિંહ: તમારા માટે આજનો દિવસ સારો રહેશે. બપોર સુધીમાં નાણાકીય સંકટ પણ સમાપ્ત થઈ જશે, પરંતુ કાર્યસ્થળની ધીમી ગતિને કારણે માનસિક તણાવ ઊભો થઈ શકે છે.

કન્યા: આજનો દિવસ સારો રહેશે, છતાં ગંભીરતા લાવવી જરૂરી છે, નહીં તો લોકો તમારી વાતોને હળવાશથી લેશે. કાર્ય વ્યવસાયમાં જૂની યોજનાઓ નાણાકીય લાભો સાથે સમાજમાં સર્વોપરિતા વધશે.

તુલા: આજે સવારથી તમારું સ્વાસ્થ્ય નરમ થવા લાગશે, તેમ છતાં તમે બેદરકારી દાખવશો, જેના કારણે તમારું સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે તૈયાર રહેવું પડશે. વ્યવસાય અથવા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર સમજી વિચારીને કરવો.

ધન: આજનો દિવસ તમારા માટે કંઈક અસ્પષ્ટ દિવસ રહેશે. દિવસનો મોટાભાગનો સમય વિચાર કરવામાં વ્યર્થ થઈ શકે છે, તેથી મૂંઝવણને કારણે મહત્વપૂર્ણ કાર્યો પણ અધૂરા રહી શકે છે.

મકર: દિવસના પહેલા ભાગમાં તમારી સામે ઘણું કામ અટકી જશે. આ સમયે તમારા કાર્યસ્થળમાંના બધા કાર્યો સમયસર પૂર્ણ કરવાનો સમય છે.

# ભૂરખીયા હનુમાનજી મંદિરે ૧૦૨મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૮

ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે તા.૧૭-૦૯-૨૦૨૬, ગુરુવારના રોજ ૧૦૨મો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર, મુંબઈના આર્થિક સહયોગથી તેમજ સુદર્શન નેત્રાલય, અમરેલી, લાયન્સ ક્લબ ઓફ અમરેલી



(સિટી) અને ભૂરખીયા મંદિર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કેમ્પમાં ડો. રવિભાઈ પરમારે ૧૭૦ દર્દીઓની આંખોની તપાસ કરી હતી. તપાસ દરમિયાન ૫૪ દર્દીઓને મોતીયાના ઓપરેશન માટે અને ૪ દર્દીઓને વેલના ઓપરેશન માટે અમરેલી લઈ જવામાં આવ્યા હતા. ઉપરાંત, ચશ્મા માટે ૨૪ ઓર્ડર નોંધવામાં આવ્યા હતા. કેમ્પમાં આંખોની નિઃશુલ્ક તપાસ અને જરૂરી માર્ગદર્શન મળતાં દર્દીઓએ આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો. હનુમાનજી દાદાની કૃપાથી કેમ્પ સફળ રહ્યો હતો.

# બગસરાના માવજીંજવા ગામે પતિના મોત બાદ એકલી રહેતી મહિલાએ ગળાફાંસો ખાધો

**આઠ વર્ષ પહેલાં પતિનું મૃત્યુ થયું હતું**

બગસરા, તા.૧૮

બગસરાના માવજીંજવા ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. પતિના મોતના આઠ વર્ષથી એકલવાયું જીવન જીવતી મહિલાએ ગળાફાંસો ખાધો હતો.

બનાવ અંગે રોહિતભાઈ ધીરૂભાઈ દાફડા (ઉ.વ.૨૮)એ જાહેર કર્યા મુજબ, પ્રભાબેન ધીરૂભાઈ દાફડા (ઉ.વ.૪૪)ના પતિ આઠેક વર્ષ પહેલા ગુજરી ગયા હતા. જે એકલપણાના કારણે મનમાં ઓછું આવતા ગળાફાંસો ખાઈ મરણ પામ્યા હતા. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.એન. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સરકારી પીપળવા ગામે મહિલા પાસેથી ૭ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં પોલીસે પ્રોહિબીશન સામે લાલ આંખ કરી છે. જિલ્લામાં સાત સ્થળેથી ૩૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. સરકારી પીપળવા ગામે મહિલા પાસેથી ૭ લીટર મળ્યો હતો. જીકીયાળી ગામેથી એક યુવક પાસ પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતો મળી આવ્યો હતો.

# સ્કોલરશિપનું ફોર્મ ભરવું છે કહીને નીકળ્યા બાદ રાજુલાના માંડળનો વિદ્યાર્થી લાપતા થયો

રાજુલા, તા.૧૮

રાજુલાના માંડળ ગામનો વિદ્યાર્થી સ્કોલરશિપનું ફોર્મ ભરવું છે કહીને નીકળ્યા બાદ ગુમ થયો હતો. આ અંગે કરશનભાઈ જીણાભાઈ હડીયા (ઉ.વ.૪૬)એ જાહેર કર્યા મુજબ, તેમનો સગીર પુત્ર સ્કોલરશિપનું ફોર્મ ભરવું છે તેમ કહી ડુંગર ગામે બસ સ્ટેશન પાસે સ્કૂલ બસમાંથી ઉતરી ગયો હતો અને અત્યાર સુધી ઘરે આવ્યો નથી. ડુંગર પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એસ. પલાસ વધુ તપાસ કરી રહ્યા છે.

**વડિયાના બરવાળા બાવીશી ગામનો બનાવ**

# ‘તમારા રૂપિયા મારા પતિ આપી દેશે’ તેમ મહિલાએ કહેતા જીવતી સળગાવી દેવાની ધમકી આપી

**મહિલાને પકડી રાખી શરીરે પેટ્રોલ પણ છાંટ્યું**

વડિયા, તા.૧૮

વડિયાના બરવાળા બાવીશી ગામે "તમારા રૂપિયા મારા પતિ આપી દેશે" તેમ મહિલાએ કહેતા જીવતી સળગાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે ઈલાબેન નરેશભાઈ ચાવડા (ઉ.વ.૩૦) એ દાદુભાઈ આહીર તથા ભરતભાઈ આહીર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ દાદુભાઈ આહીરની દુકાનેથી તેમણે રૂ.૨૪૦૦નું કરિયાણું ઉધારે લીધું હતું. જેથી તેમના દિયર પાસે આરોપીએ રૂ.૨૪૦૦ની ઉઘરાણી કરી હતી.

તેમજ લાફા માર્યા હતા. જે બાદ તેઓ બજારમાં આરોપીની દુકાન પાસેથી નીકળતાં તેને અંદર બોલાવી ઉધારના રૂ.૨૪૦૦ ની ઉઘરાણી કરતા તેમણે તમારા રૂપિયા મારા પતિ આપી દેશે તેમ કહેતા આરોપીએ ચપ્પલથી વાસાના ભાગે માર મારી સામાન્ય ઈજા કરી હતી. તેમજ હાથ પકડી દુકાનમાંથી પેટ્રોલનું ડબલુ લઈ અને તેના શરીરે છાંટી અને આજે તો તને જીવતી સળગાવી દેવી છે તેમ કહી જીવલેણ હુમલો કર્યો હતો.

## તંત્રી લેખ

# હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ : આત્મનિર્ભર ભારત

સંરક્ષણ ટેકનોલોજીનું નાગરિક ઉપયોગમાં રૂપાંતર એ વિકસિત દેશોની વિશેષતા માનવામાં આવે છે. ભારત હવે આ દિશામાં પણ મજબૂત પગલાં ભરી રહ્યું છે. સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાનો અર્થ માત્ર આયાત ઘટાડવો નહીં, પરંતુ ડિઝાઈન, વિકાસ, ઉત્પાદન અને જાળવણીનું સંપૂર્ણ ઈકોસિસ્ટમ દેશમાં ઊભું કરવું છે. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ)ની આસપાસ આજે સેંકડો એકમો, ખાનગી કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ એરોસ્પેસ સપ્લાય ચેઈનનો ભાગ બની રહ્યા છે. આ પ્રક્રિયાથી રોજગારી, કૌશલ્ય વિકાસ અને ટેકનોલોજી ટ્રાન્સફરને પણ વેગ મળી રહ્યો છે. ભારતીય સુરક્ષા દળો અને ઉડ્ડયન ક્ષેત્ર માટે ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬નો દિવસ મહત્વપૂર્ણ બની રહ્યો છે. બેંગલુરુમાં યોજાનારા સમારોહમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ ભારતીય વાયુસેનાને સ્વદેશી હળવા લડાકુ વિમાન તેજસનું અંતિમ કામગીરી મંજૂરી ધરાવતું બે બેઠકોવાળું તાલીમ વિમાન સોંપશે. તેની સાથે એચટીટી-૪૦ પ્રાથમિક તાલીમ વિમાન પણ વાયુસેનાને આપવામાં આવશે. ઉપરાંત, નાગરિક ઉડ્ડયન કંપની પવન હંસને નવી પેઢીનું ધ્રુવ હેલિકોપ્ટર સોંપવામાં આવશે. આ માત્ર વિમાનોનું ઔપચારિક હસ્તાંતરણ નથી, પરંતુ ભારતની સ્વદેશી સંરક્ષણ ક્ષમતાના વિસ્તરણનું પ્રતીક છે. તેજસ કાર્યક્રમની શરૂઆત ૧૯૮૦ના દાયકામાં થઈ હતી. લાંબા સમય સુધી આ કાર્યક્રમને અનેક મુશ્કેલીઓ અને તકનીકી પડકારોનો સામનો કરવો પડ્યો હતો. વિલંબ છતાં ભારતીય વૈજ્ઞાનિકો, ઈજનેરો અને પાયલોટોએ સતત મહેનત ચાલુ રાખી. તેમના પ્રયાસોના પરિણામે આજે ભારત સ્વદેશી લડાકુ વિમાનના ઉત્પાદનની ક્ષમતા ધરાવે છે. તેજસનું બે બેઠકોવાળું તાલીમ વિમાન વાયુસેનાને મળવું તાલીમ વ્યવસ્થાની દૃષ્ટિએ મહત્વપૂર્ણ છે. યુવા લડાકુ પાયલોટોને સ્વદેશી વિમાન પર કામગીરીલક્ષી તાલીમ મેળવવાની વધુ તક મળશે. જરૂરિયાત મુજબ આ વિમાનનો લડાયક કામગીરીમાં પણ ઉપયોગ કરી શકાય છે. તેજસની રચના અને વિકાસ એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી દ્વારા કરવામાં આવ્યો છે, જ્યારે તેના ઉત્પાદનની મુખ્ય જવાબદારી હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સંભાળે છે. તેને ભારતીય વાયુસેનાના જૂના મિગ-૨૧ વિમાનોના વિકલ્પ તરીકે વિકસાવવામાં આવ્યું હતું. હળવા વજનનું આ લડાકુ વિમાન હવાઈ સુરક્ષા ઉપરાંત જમીન પરના લક્ષ્યો સામેની કામગીરી માટે પણ ઉપયોગી છે. તેમાં આધુનિક ડિજિટલ કોકપિટ, વિદ્યુત નિયંત્રિત ઉડાન વ્યવસ્થા અને અન્ય આધુનિક તકનીકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેજસ કાર્યક્રમની મોટી સિદ્ધિ એ છે કે તેના વિકાસ સાથે ભારતમાં લડાકુ વિમાન બનાવવાની કુશળતા અને ઔદ્યોગિક માળખું વિકસ્યું છે. સરકારી સંસ્થાઓ, સંશોધન કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ અને ખાનગી ઉદ્યોગોના સહયોગથી અનેક જટિલ તકનીકો દેશમાં વિકસાવવામાં આવી છે. તેજસનું વધુ વિકસિત સ્વરૂપ એમકે-૧એ છે. તેમાં આધુનિક તબક્કાવાર સંચાલિત રડાર, ઈલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલી અને લાંબા અંતરની હવાઈ લડાઈ માટેની ક્ષમતાઓ ઉમેરવામાં આવી રહી છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં સરકારે ભારતીય વાયુસેના માટે ૯૭ ૨એમકે-૧એ વિમાનો ખરીદવા એચએએલ સાથે રૂ. ૬૨,૩૭૦ કરોડથી વધુનો કરાર કર્યો હતો. આ વિમાનોમાં ૬૪ ટકાથી વધુ સ્વદેશી સામગ્રી રાખવાનું લક્ષ્ય છે. તેજસનું ઉત્પાદન વધારવા માટે નાશિકમાં ત્રીજી ઉત્પાદન લાઈન શરૂ કરવામાં આવી છે, જેના કારણે એચએએલની કુલ ઉત્પાદન ક્ષમતા દર વર્ષે ૨૪ વિમાન સુધી પહોંચી છે. આથી અનેક ભારતીય કંપનીઓ અને નાના-મધ્યમ ઉદ્યોગોને પણ નવી તકો મળી રહી છે.

# મહાવિનાશનું પ્રથમ ચરણ: અવકાશી યુદ્ધ





પ્રાસંગિક
સુરેશ દેસાઈ

૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ અમેરિકાના એરફોર્સ સેક્રેટરી ટ્રોય મીંકે કરેલું એક નિવેદન અવકાશના સૈન્યકરણ અંગેની ચર્ચાને વધુ ગંભીર બનાવી ગયું છે. અમેરિકાની સ્પેસ ફોર્સ પાસે ભ્રમણકક્ષામાં 'સ્પેસ કંટ્રોલ વેપન્સ' એટલે કે અવકાશ નિયંત્રણ શસ્ત્રો હોવાની તેમણે જાહેરમાં પુષ્ટિ કરી હતી. મીંકે જણાવ્યું હતું કે આ શસ્ત્રો સંયુક્ત દળોને શત્રુની કાર્યવાહી સામે રક્ષણ આપવા સક્ષમ છે. જોકે તેમણે આ શસ્ત્રો કયા પ્રકારના છે, કેટલાં છે, કઈ ભ્રમણકક્ષામાં છે અથવા તેમનો ચોક્કસ ઉપયોગ કેવી રીતે થશે તેની વિગતો જાહેર કરી નહોતી. આ જાહેરાત બાદ અનેક પ્રશ્નો ઊભા થયા છે. આ શસ્ત્રો ઉપગ્રહોને નિષ્ક્રિય કરવા માટે છે કે તેમની કામગીરીમાં વિક્ષેપ પાડવા માટે? તેમાં કાઈનેટિક અથવા ભૌતિક ક્ષમતાઓ છે કે નોન-કાઈનેટિક એટલે કે ઈલેક્ટ્રોનિક પ્રકારની ક્ષમતાઓ છે? તેમની સંખ્યા કેટલી છે અને તેમનું નિયંત્રણ કોના હાથમાં છે? આ સવાલોના સ્પષ્ટ જવાબો હાલ જાહેર ક્ષેત્રમાં ઉપલબ્ધ નથી. અમેરિકન અધિકારીઓએ પણ શસ્ત્રોની ચોક્કસ ક્ષમતાઓ અંગે માહિતી આપવાનું ટાળ્યું છે. અવકાશ માનવજાતની વૈજ્ઞાનિક પ્રગતિનું પ્રતીક રહ્યું છે. ચંદ્ર પર માનવીએ પગ મૂક્યો ત્યારે તેને માત્ર એક દેશની સિદ્ધિ તરીકે નહીં, પરંતુ માનવજાતની વૈજ્ઞાનિક ક્ષમતાના ઐતિહાસિક તબક્કા તરીકે જોવામાં આવ્યું હતું. ત્યારથી અવકાશ સંશોધન અને ઉપગ્રહ તકનીક પૃથ્વી પરના જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે. આજે હવામાનની આગાહીથી લઈને સંદેશાવ્યવહાર સુધી, ખેતીથી લઈને માછીમારી સુધી અને નેવિગેશનથી લઈને આપત્તિ વ્યવસ્થાપન સુધી અનેક ક્ષેત્રો ઉપગ્રહો પર આધારિત છે. મોબાઈલ સંચાર, બેન્કિંગ, વૈજ્ઞાનિક સંશોધન, ટેલિવિઝન અને વૈશ્વિક સ્થાનનિર્ધારણ જેવી અનેક સેવાઓમાં અવકાશી ટેકનોલોજીની મહત્વપૂર્ણ ભૂમિકા છે. એટલે અવકાશ હવે પૃથ્વીથી દૂર કોઈ અજાણી દુનિયા નથી, પરંતુ રોજિંદા જીવનનો મહત્વનો હિસ્સો છે. આવા સમયે અવકાશમાં શસ્ત્રોની હાજરીની સત્તાવાર સ્વીકારોક્તિ સ્વાભાવિક રીતે ચિંતા અને ચર્ચા ઊભી કરે છે. ખાસ કરીને ત્યારે, જ્યારે શસ્ત્રોના પ્રકાર અને ક્ષમતાઓ અંગે પૂરતી માહિતી આપવામાં આવી નથી. 'સ્પેસ કંટ્રોલ વેપન્સ' શબ્દ પોતે જ વ્યાપક છે. અવકાશમાં કોઈ દેશની કામગીરીને સુરક્ષિત રાખવા અથવા પ્રતિસ્પર્ધી દેશની અવકાશી ક્ષમતાને અસર કરવા માટે વિવિધ પ્રકારની તકનીકોનો ઉપયોગ થઈ શકે છે. તેમાં ઉપગ્રહ સંચારમાં વિક્ષેપ, ઈલેક્ટ્રોનિક સાધનોનો ઉપયોગ અથવા અન્ય કાઉન્ટરસ્પેસ ક્ષમતાઓનો સમાવેશ થઈ શકે છે. પરંતુ મીંકના નિવેદન પરથી ચોક્કસપણે કહી શકાય તેમ નથી કે હાલમાં ભ્રમણકક્ષામાં રહેલા અમેરિકન શસ્ત્રો પૈકી કઈ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. આ સમગ્ર ઘટનાનો બીજો મહત્વનો પાસો શસ્ત્રોની દોડનો છે. જમીન પર દેશોએ પરંપરાગત હથિયારો વિકસાવ્યાં, સમુદ્રમાં યુદ્ધજહાજો અને સબમરીનોની સ્પર્ધા થઈ, આકાશમાં લડાકુ વિમાનોની હોડ શરૂ થઈ અને ત્યારબાદ અણુશસ્ત્રોએ વૈશ્વિક સુરક્ષાનું સમગ્ર સમીકરણ બદલી નાખ્યું. હવે અવકાશ પણ સૈન્ય સ્પર્ધાના નવા ક્ષેત્ર તરીકે વધુ મહત્વ મેળવી રહ્યો છે. એક દેશ પોતાની અવકાશી સુરક્ષા ક્ષમતા વધારે તો અન્ય દેશો પણ પોતાની સુરક્ષા માટે સમાન ક્ષમતાઓ વિકસાવવાનું પસંદ કરી શકે છે. આ પ્રક્રિયા આગળ વધે તો અવકાશમાં શસ્ત્રોની નવી દોડ ઊભી થવાની શક્યતા અંગે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રશિયાએ પણ અમેરિકાની જાહેરાત બાદ અવકાશમાં હથિયારોની દોડ અટકાવવા માટે કાયદાકીય રીતે બંધનકારક વ્યવસ્થાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આ દોડનું એક મોટું જોખમ અવકાશી કચરાનું છે. જો કોઈ ઉપગ્રહને નષ્ટ કરવામાં આવે અથવા તેને ગંભીર નુકસાન પહોંચે તો તેના અસંખ્ય ટુકડા ભ્રમણકક્ષામાં ફેલાઈ શકે છે. આ ટુકડાઓ અન્ય ઉપગ્રહો સાથે અથડાઈને વધુ કચરો પેદા કરી શકે છે. પરિણામે અવકાશી પ્રવૃત્તિઓ માટે જોખમ વધી શકે છે. સંદેશાવ્યવહાર, નેવિગેશન, હવામાનની આગાહી અને અન્ય મહત્વપૂર્ણ સેવાઓ પર પણ તેની અસર થવાની શક્યતા છે. અવકાશમાં કોઈ સંઘર્ષ થાય તો તેની અસર માત્ર સૈન્ય મથકો સુધી મર્યાદિત નહીં રહે. ઉપગ્રહ આધારિત સેવાઓના કારણે તેની અસર પૃથ્વી પર સામાન્ય નાગરિકોના જીવન સુધી પણ પહોંચી શકે છે. એટલે અવકાશી સુરક્ષાનો મુદ્દો હવે માત્ર સૈન્યનો વિષય રહ્યો નથી; તે વૈશ્વિક અર્થતંત્ર, સંચાર અને નાગરિક જીવન સાથે પણ જોડાયેલો છે. આ પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય કાયદાનું મહત્વ વધે છે. ૧૯૬૭ની 'આઉટર સ્પેસ ટ્રીટી' અવકાશ સંબંધિત આંતરરાષ્ટ્રીય કાયદાનું મૂળભૂત માળખું પૂરું પાડે છે. તેના આર્ટિકલ-૪ મુજબ પૃથ્વીની ભ્રમણકક્ષામાં પરમાણુ શસ્ત્રો અથવા અન્ય સામૂહિક વિનાશનાં શસ્ત્રો મૂકવા પર પ્રતિબંધ છે. ચંદ્ર અને અન્ય આકાશી પિંડોના ઉપયોગ અંગે પણ તેમાં શાંતિપૂર્ણ ઉપયોગની જોગવાઈ છે. જોકે આ સંધિ ભ્રમણકક્ષામાં તમામ પ્રકારનાં પરંપરાગત શસ્ત્રો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકતી નથી. આ કારણે આધુનિક કાઉન્ટરસ્પેસ ક્ષમતાઓ અંગે કાયદાકીય અને વ્યૂહાત્મક ચર્ચા હજુ પણ ચાલુ છે. વિજ્ઞાન અને ટેકનોલોજી ઝડપથી આગળ વધી રહ્યાં છે. તેથી આંતરરાષ્ટ્રીય કાયદા અને નિયમોને પણ નવી વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને વિકસાવવાની જરૂરિયાત ઊભી થઈ રહી છે. અવકાશી પ્રવૃત્તિઓમાં પારદર્શકતા, વિશ્વાસ અને જવાબદારી વધારવા માટે દેશો વચ્ચે સંવાદ જરૂરી બની રહ્યો છે. ભારત માટે પણ આ મુદ્દો મહત્વનો છે. ભારતે અવકાશ ક્ષેત્રમાં વૈજ્ઞાનિક અને વિકાસલક્ષી ઉપયોગને વિશેષ મહત્વ આપ્યું છે. ઉપગ્રહો અને અવકાશી માળખાની વધતી ઉપયોગિતા સાથે તેની સુરક્ષા પણ મહત્વપૂર્ણ બની રહી છે. તેથી એક તરફ અવકાશનો શાંતિપૂર્ણ ઉપયોગ અને આંતરરાષ્ટ્રીય સહકાર જાળવવા માટે ભારત રચનાત્મક ભૂમિકા ભજવી શકે છે, તો બીજી તરફ પોતાના અવકાશી માળખાની સુરક્ષા માટે જરૂરી તકનીકી ક્ષમતાઓ વિકસાવવી પણ મહત્વપૂર્ણ રહેશે. શાંતિનો અર્થ નિષ્ક્રિયતા નથી. શાંતિ માટે સમજદારી, સંવાદ અને જરૂરી સજ્જતા ત્રણેયની જરૂર પડે છે. પરંતુ સજ્જતા અને શસ્ત્રોની અનિયંત્રિત દોડ વચ્ચેનો તફાવત જાળવવો પણ એટલો જ જરૂરી છે. અંતે વાત માત્ર અમેરિકા, રશિયા, ચીન કે કોઈ એક દેશની નથી. વાત સમગ્ર માનવજાતના ભવિષ્યની છે. અવકાશ કોઈ એક રાષ્ટ્રની જાગીર નથી. તે આવનારી પેઢીઓ માટે સંશોધન, સંચાર અને નવી શોધોની સંભાવનાઓ ધરાવતું વૈશ્વિક ક્ષેત્ર છે. આજે અવકાશમાં સૈન્ય ક્ષમતાઓ વધતી જાય છે ત્યારે સૌથી મોટો પ્રશ્ન એ નથી કે કયો દેશ કેટલું શક્તિશાળી શસ્ત્ર બનાવે છે. મહત્વનો પ્રશ્નએ છે કે વિશ્વના દેશો આ શક્તિનો ઉપયોગ કેવી રીતે નિયંત્રિત કરે છે અને અવકાશને સંઘર્ષનું ક્ષેત્ર બનતું કેવી રીતે અટકાવે છે. અવકાશમાં શક્તિનું પ્રદર્શન કરતાં પારદર્શકતા અને વિશ્વાસ વધુ મહત્વપૂર્ણ બની શકે છે. માનવીએ અવકાશને શોધવા માટે વિજ્ઞાનનો સહારો લીધો હતો; હવે તેને યુધ્ધનું નવું મેદાન બનતું અટકાવવાની જવાબદારી પણ માનવજાતની જ છે. આવનારી પેઢીઓને અવકાશી કચરો અને સંઘર્ષનો ભય નહીં, પરંતુ સંશોધન, સહકાર અને નવી વૈજ્ઞાનિક સિદ્ધિઓનું આકાશ મળે તે માટે આંતરરાષ્ટ્રીય સંવાદ અને જવાબદાર નીતિઓ જરૂરી છે.

**અવકાશમાં હવે તારાઓ જ નહીં, શસ્ત્રો પણ ફરતા થયા છે! માનવજાતે વિજ્ઞાનની શક્તિથી પૃથ્વીની સીમાઓ વટાવીને અવકાશ સુધી પહોંચવાનું સ્વપ્ન જોયું હતું. પ્રશ્ન એ છે કે હવે એ જ અવકાશને યુદ્ધનું નવું મેદાન બનાવવાનું સ્વપ્ન કોણ જોઈ રહ્યું છે?**

## શબ્દ સંજોગ-૨૨૬૭



**આડી ચાવી :**
(૧) બોડું,વાળ વિનાનું (૩)
(૩) ગુજરાતનો એક જિલ્લો (૪)
(૬) સૌનું કરો ....., દયાળું પ્રભુ .. (૩)
(૭) ખોપરીની અંદરનો નરમ ભાગ (૩)
(૯) ફેરફાર (૩)
(૧૧) વેગ,ત્વરા (૨)
(૧૩) પ્રીતિ,આનંદ (૨)
(૧૪) લક્ષ્મી (૨)
(૧૬) પોપટ (૨)
(૧૮) રાજાનું નિવાસસ્થાન (૩)
(૨૦) લવકુશની માતા (૨)
(૨૩) કાન્તિ,શોભા (૨)
(૨૫) ગોળની ચાકી (૨)
(૨૬) બળવાન,પ્રબળ (૪)
(૨૯) કવિતામાં આવતો ઊથલો (૩)
(૩૧) ભય,બીક (૨)
(૩૪) એક ગુજરાતી મહિનો (૩)
(૩૫) વિષ્ણુ,પ્રભુ (૩)

**ઉભી ચાવી :**
(૧) એક પ્રખ્યાત મોગલ બાદશાહ (૪)
(૨) એક પક્ષી (૩)
(૩) વેપાર,ધંધો (૩)
(૪) ..., દામ, દંડ,ભેદ (૨)
(૫) વાટ,રાહ (૩)
(૮) એક ધાતુ (૩)
(૧૦) દબદબો, ભપકો (૩)
(૧૨) આશા, ઉમેદ (૨)
(૧૫) ત્રણ રતી જેટલું તોલ (૨)
(૧૭) પરૂ (૨)
(૧૯) જમીન માપવાનો એકમ (૩)
(૨૧) પાર ઉતારવું તે (૩)
(૨૨) બબ્બેની જોડીમાં રમાતો નૃત્ય પ્રકાર (૨)
(૨૪) પ્રકૃતિ,સ્વભાવ (૨)
(૨૭) ઈચ્છા (૩)
(૨૮) ઝાડનો મૂળ જાડો ભાગ (૨)
(૩૦) આંટો,ફેરો (૩)
(૩૨) નાઠેલું,પલાયન કરી ગયેલું (૨)
(૩૩) કાબૂ,નિયમન (૨)

## શબ્દ સંજોગ-૨૨૬૬ જવાબ

**આડી ચાવી :** (૧) પાડોશી (૩) કપિંજલ (૬) કપૂર (૭) નવાબ (૮) ગજર (૧૦) કદ (૧૨) ઢગ (૧૪) મનોમન (૧૭) ડફ (૨૦) પોપટ (૨૧) ખારો (૨૨) ડમરો (૨૪) કમાલ (૨૭) લીન (૨૮) અડીખમ (૨૯) નકલી (૩૦) ણક (કણ) .

**ઉભી ચાવી :** (૧) પાવાગઢ (૨) શીકર (૩) કરક (૪) જન (૫) લવાજમ (૯) જગત (૧૧) દમ (૧૩) ઝડપ (૧૫) નોખું (૧૬) નજરોનજર (૧૮) ફટકડી (૧૯) શંડલી (૨૦) પોરો (૨૩) મનન (૨૫) માખણ (૨૬) લમક (૨૮) અલી.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૯૦૦ | ૨૦૦૦ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૬૩૧ |
| ઘઉં ટુકડા | ૫૬૨ | ૬૫૦ |
| જુવાર સફેદ | ૧૩૨૦ | ૧૪૬૮ |
| જુવાર લાલ | ૧૨૫૧ | ૧૩૧૫ |
| જુવાર પીળી | ૪૭૦ | ૫૩૨ |
| બાજરી | ૩૫૦ | ૩૯૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૯૦૮ |
| ચણા પીળા | ૧૧૭૫ | ૧૨૯૦ |
| ચણા સફેદ | ૧૩૪૦ | ૧૯૨૫ |
| અડદ | ૧૪૩૦ | ૧૯૫૦ |
| મગ | ૧૦૫૦ | ૧૭૪૬ |
| વાલ દેશી | ૭૨૦ | ૧૦૦૦ |
| ચોળી | ૯૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૫૮૦ | ૯૭૦ |
| કળથી | ૪૭૫ | ૬૦૩ |
| રાજમા | ૧૯૫૦ | ૨૦૩૧ |
| સીંગદાણા | ૧૫૭૦ | ૨૧૧૫ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૫૬૦ |
| મગફળી જીણી | ૧૨૩૧ | ૧૬૫૦ |
| તલી | ૨૦૦૦ | ૨૪૪૪ |
| એરંડા | ૧૩૬૯ | ૧૪૫૨ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૨૧૨ |
| સીંગફાડા | ૧૧૪૧ | ૧૮૬૦ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૫૮૦ |
| લસણ | ૧૦૫૦ | ૨૩૫૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૭૦૦ |
| ધાણી | ૨૨૦૦ | ૨૯૭૧ |
| વરીયાળી | ૧૫૫૦ | ૨૪૦૦ |
| જીરૂ | ૩૫૭૫ | ૪૧૨૧ |
| રાય | ૧૨૯૦ | ૧૭૬૦ |
| મેથી | ૯૬૦ | ૧૭૯૦ |
| અશેરીયો | ૧૦૮૦ | ૧૦૮૦ |
| કલોંજી | ૩૫૦૦ | ૪૧૫૪ |
| રાયડો | ૧૨૨૦ | ૧૫૩૭ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૧૦૫૦૦ |
| ગુવારનું બી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૫૧ | ૪૦૨૩ |
| પપૈયા | ૧૫૪ | ૩૦૭ |
| બટેટા | ૮૮ | ૨૯૫ |
| ડુંગળી સુકી | ૩૪૫ | ૮૮૧ |
| ટમેટા | ૨૮૫ | ૪૯૨ |
| સુરણ | ૫૦૨ | ૭૧૧ |
| કોથમરી | ૧૨૬ | ૨૪૧ |
| મુળા | ૧૫૪ | ૩૦૭ |
| રીંગણા | ૧૫૪ | ૩૨૬ |
| કોબીજ | ૧૫૮ | ૨૩૬ |
| ફ્લાવર | ૨૮૬ | ૪૫૪ |
| ભીંડો | ૪૧૧ | ૬૨૧ |
| ગુવાર | ૬૧૪ | ૧૧૭૧ |

| | | |
|---|---|---|
| ચોળાસીંગ | ૪૦૧ | ૫૮૨ |
| વાલોળ | ૩૧૨ | ૫૫૩ |
| ટીંડોળા | ૩૨૪ | ૬૧૫ |
| દુધી | ૬૨ | ૧૦૦ |
| કારેલા | ૭૭ | ૧૯૨ |
| સરગવો | ૫૩૭ | ૧૦૭૨ |
| તુરીયા | ૧૬૯ | ૩૬૬ |
| પરવર | ૩૮૫ | ૫૯૩ |
| કાકડી | ૪૦૭ | ૬૭૪ |
| ગાજર | ૨૮૬ | ૪૭૮ |
| વટાણા | ૧૬૨૧ | ૨૨૩૩ |
| કંટોળા | ૧૪૧૪ | ૨૦૨૬ |
| ગલકા | ૧૮૬ | ૩૯૩ |
| બીટ | ૩૧૩ | ૫૧૫ |
| મેથી | ૪૯૬ | ૭૬૭ |
| વાલ | ૪૦૬ | ૫૫૯ |
| ડુંગળી લીલી | ૩૦૧ | ૪૮૨ |
| આદુ | ૧૩૩૩ | ૨૯૫૨ |
| મરચા લીલા | ૧૧૩ | ૨૨૧ |
| લસણ લીલું | ૧૫૧૯ | ૨૪૮૪ |
| મગફળી લીલી | ૫૩૧ | ૮૧૨ |
| મકાઇ લીલી | ૧૨૩ | ૨૪૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૭૧ | ૧૯૨૧ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૮૮ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૭૨૮ |
| મગફળી જીણી | ૧૦૦૧ | ૧૭૧૬ |
| સિંગદાણા જાડા | ૧૬૩૧ | ૨૦૩૧ |
| સિંગ ફાડીયા | ૧૦૪૧ | ૧૭૫૧ |
| એરંડા / એરંડી | ૧૨૬૧ | ૧૪૮૧ |
| તલ લાલ | ૨૩૮૧ | ૨૪૦૧ |
| જીરૂ | ૨૮૦૦ | ૪૨૫૧ |
| વરીયાળી | ૧૯૭૬ | ૧૯૭૬ |
| ધાણા | ૨૫૦૧ | ૩૦૯૧ |
| ડુંગળી લાલ | ૧૮૧ | ૯૭૧ |
| અડદ | ૫૫૧ | ૧૭૨૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૭૬૧ |
| રાય | ૧૨૭૭ | ૧૬૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૭૧ |
| સુવાદાણા | ૧૪૭૬ | ૧૪૭૬ |
| કાંગ | ૬૩૧ | ૮૦૧ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૬૨૬ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૦૪૧ |
| તલ - તલી | ૧૭૨૬ | ૨૪૫૧ |
| ઇસબગુલ | ૨૨૮૧ | ૨૨૮૧ |
| ધાણી | ૨૭૦૧ | ૨૯૬૧ |
| બાજરો | ૩૦૧ | ૪૫૧ |
| જુવાર | ૭૦૧ | ૧૩૪૧ |
| મગ | ૮૦૧ | ૧૮૪૧ |
| ચણા | ૧૦૪૧ | ૧૩૨૧ |
| વાલ | ૮૫૧ | ૧૨૨૬ |
| ચોળા / ચોળી | ૪૧૧ | ૧૬૦૧ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૯૪૧ | ૧૧૩૧ |
| ગોગળી | ૮૦૧ | ૧૩૨૧ |
| વટાણા | ૪૮૧ | ૮૭૬ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૬૦૦ |
| મરચા | ૬૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૧૨૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૩૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૪૦ |
| ભીંડો | ૮૦ | ૭૦૦ |
| ગલકા | ૧૦૦ | ૩૬૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૬૦૦ |
| તુવેર | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૮૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૨૬૦૦ | ૩૨૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૧ | ૩ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| મૂળા પુરા | ૩ | ૬ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૩૨૦ | ૪૪૦ |
| ગ્રૂણ | ૮૦૦ | ૧૦૦૦ |
| અળવીપાન | ૫ | ૧૦ |
| પરવર | ૮૦૦ | ૯૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૪૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| બીટ પુરા | ૮ | ૧૫ |
| ચોરા | ૧૦૦ | ૮૦૦ |
| કારેલા | ૪૦ | ૨૮૦ |
| વાલોર | ૮૦ | ૫૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૮૦ | ૧૩૮૫ |
| શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૨૦૪૫ |
| તલ સફેદ | ૧૩૦૫ | ૨૫૪૦ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૫૮૫ |
| તલ કાશમીરી | ૧૯૧૫ | ૨૪૭૫ |
| બાજરો | ૩૦૦ | ૪૧૫ |
| જુવાર | ૫૬૦ | ૧૪૦૦ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૭૧૦ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૬૧૦ |
| મગ | ૧૫૩૫ | ૧૮૦૦ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૦૦૦ | ૧૩૨૫ |
| ચણા દેશી | ૧૦૦૦ | ૧૧૯૫ |
| સફેદ ચણા | ૯૯૦ | ૧૨૪૫ |
| છોલે ચણા | ૧૧૦૫ | ૧૧૫૦ |
| તુવેર | ૮૦૦ | ૧૫૫૦ |
| કપાસ | ૧૧૬૦ | ૨૦૧૫ |
| એરંડા | ૧૩૫૦ | ૧૪૫૫ |
| જીરૂ | ૨૨૦૦ | ૪૦૦૦ |
| ધાણી | ૨૮૦૦ | ૨૯૦૦ |
| મેથી | ૧૧૬૦ | ૧૩૪૦ |
| સોયાબીન | ૧૧૨૫ | ૧૧૫૦ |
| કાંગ | ૫૫૦ | ૬૬૦ |
| કલોંજી | ૧૯૦૦ | ૩૯૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૨૦ | ૨૩૦ |
| રીંગણા | ૧૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૨૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શકકરીયા | ૭૫૦ | ૮૫૦ |
| ટમેટાં | ૪૫૦ | ૫૭૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૫૦ |
| ગાજર | ૪૫૦ | ૫૭૦ |
| દુધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૧૫૦ | ૨૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| ગુંદા | ૧૪૦ | ૨૦૦ |
| કાકડી | ૩૬૦ | ૫૯૦ |
| ગુવાર | ૬૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૨૨૦૦ | ૨૪૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ચીભડા | ૫૫૦ | ૭૮૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૧૪૦૦ | ૧૫૦૦ |
| આદુ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૧૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફોદીનો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ટીંડોરા | ૫૮૦ | ૬૮૦ |
| બીટ | ૫૫૦ | ૬૭૦ |
| લીલી તુવેર | ૭૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૦૫૦ | ૧૨૫૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૧૮૦ |
| મરચાં લીલાં | ૨૧૦ | ૪૧૦ |
| શીંગઓળા | ૮૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૫૩૦ |
| ડુંગળી સુકી | ૬૫૦ | ૮૬૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૩૩૦૦ |
| લસણ સુકું | ૧૪૫૦ | ૨૪૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |

| | | |
|---|---|---|
| લીબુ | ૨૫૦૦ | ૩૫૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૮૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૨૦ |
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૪૮૫ |
| તલ કાળા | ૨૬૭૫ | ૩૫૪૦ |
| કપાસ | ૧૮૫૦ | ૨૦૧૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૫ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૭૮ |
| બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| જુવાર | ૭૨૦ | ૧૩૫૦ |
| મગ | ---- | ૧૪૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૬૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૫૦ |
| એરડી | ૧૪૦૦ | ૧૫૫૦ |
| ધાણા | ---- | ૨૭૦૦ |
| **ધારી** | | |
| કપાસ A ગ્રેડ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| કપાસ B ગ્રેડ | ૧૮૧૦ | ૧૯૦૫ |
| ઘઉં લોકવન | ૫૩૬ | ૫૩૬ |
| ચણા | ૧૨૨૭ | ૧૨૨૭ |
| ધાણા | ૨૫૭૦ | ૨૫૭૦ |
| એરંડા | ૧૩૧૫ | ૧૩૧૫ |
| સોયાબીન | ૧૧૩૧ | ૧૧૩૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૨૦૧૬ |
| મગફળી | ૧૧૦૦ | ૧૨૨૦ |
| ઘઉં લોકવન | ૪૦૫ | ૫૦૭ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૧ |
| સીંગદાણા | ૧૬૩૦ | ૧૮૭૦ |
| લસણ | ૮૦૦ | ૮૦૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૯૦ |
| મગ | ૧૫૪૫ | ૧૫૪૫ |
| અડદ | ૧૬૫૦ | ૧૭૦૦ |
| **બાબરા** | | |
| કપાસ નવો | ૧૭૨૦ | ૨૦૩૬ |
| કપાસ મીડીયમ | ૧૦૦૦ | ૧૫૪૦ |
| જીરૂ | ૩૨૨૦ | ૩૯૦૦ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૭૫ |
| ઘઉં | ૫૦૫ | ૫૫૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૫૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૮૦ |
| ચણા | ૯૦૧ | ૧૧૩૬ |
| અળદ | ૧૬૯૬ | ૧૬૯૬ |
| તુવેર | ૯૦૧ | ૧૬૬૬ |
| મગફળી | ૮૭૬ | ૧૨૭૧ |
| શિંગફાડા | ૧૦૦૧ | ૧૦૦૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૩૪૬ |

| | | |
|---|---|---|
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૯૬ |
| રાય | ૧૨૯૬ | ૧૨૯૬ |
| મેથી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૧૬૬ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૪૧૫ | ૫૨૪ |
| ઘઉં | ૫૪૦ | ૬૨૦ |
| જુવાર | ૧૧૫૦ | ૧૩૫૨ |
| ચોળી | ૧૦૦૦ | ૧૬૮૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૮૬૦ |
| મગ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૯૬ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૪૫૨ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૦૨ |
| રજકો | ૭૦૦૦ | ૯૨૨૫ |
| **જામનગર** | | |
| બાજરી | ૩૦૦ | ૩૫૫ |
| ઘઉં | ૫૦૭ | ૫૬૯ |
| અળદ | ૧૩૦૦ | ૧૫૪૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૬૮૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ચણા | ૧૧૦૫ | ૧૨૪૧ |
| ચણા સફેદ | ૧૧૨૫ | ૧૨૭૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૦૫૦ |
| એરડા | ૧૦૦૦ | ૧૪૪૨ |
| તલી | ૨૧૨૫ | ૨૪૯૫ |
| તલ કાળા | ૧૩૦૦ | ૨૫૦૦ |
| લસણ | ૮૦૦ | ૧૯૬૦ |
| કપાસ | ૧૩૦૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૨૦૦ |
| અજમો | ૨૭૪૦ | ૪૪૨૫ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૩૦૬૦ |
| ધાણા-ધાણી | ૨૧૦૦ | ૨૭૬૪ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૮૫૦ |
| ડુંગળી નાસિક | ૮૦૦ | ૯૦૦ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૨૦૦૫ |
| કલોંજી | ૩૯૧૦ | ૪૦૩૫ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૧૪૫ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૯૦૧ | ૩૭૦૦ |
| બાજરો | ૪૫૦ | ૫૧૯ |
| ઘઉં ટુકડા | ૪૨૬ | ૬૧૦ |
| જુવાર | ૭૦૦ | ૧૬૦૦ |
| મકાઈ | ૪૦૧ | ૪૦૧ |
| અડદ | ૬૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ચણા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| જીરૂ | ૩૦૦૨ | ૩૫૦૦ |
| ધાણા | ૨૨૨૫ | ૨૨૨૫ |
| સોયાબીન | ૧૧૧૨ | ૧૧૧૨ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**ગામડાના ત્રણ મિત્રોએ મળીને બનાવી પશુઓની ડિજિટલ ઓળખ સિસ્ટમ, શાર્ક ટેન્ક ઈન્ડિયા સુધી પહોંચ્યો આ ઈનોવેટીવ આઈડિયા**

# દેરડી કુંભાજીથી શરૂ થઈ AI આધારિત 'એનિમલ્સ આધાર' ટેકનોલોજી

અમરેલી,તા.૧૮

જેમ આપણે બધા માણસોની આંગળીઓની છાપ એટલે કે ફિંગરપ્રિન્ટ અલગ અને અનોખી હોય છે, તે જ રીતે પશુઓના નાક પર આવેલી રેખાઓ અને તેની પેટર્ન પણ સાવ અલગ અને વિશિષ્ટ હોય છે. આ વિશિષ્ટ પેટર્નને ટેકનોલોજીની ભાષામાં મઝલ પ્રિન્ટ અથવા નોઝ પ્રિન્ટ તરીકે ઓળખવામાં આવે છે. વૈજ્ઞાનિક સંશોધનોમાં પણ પશુઓની સાચી ઓળખ મેળવવા માટે આ નાકની પેટર્નની વિશિષ્ટતાનો ઉપયોગ કરવાની સંભાવનાઓ ઉપર ખૂબ અભ્યાસ થયો હતો. આ જ વિચારને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને બાયોમેટ્રિક ટેકનોલોજી સાથે જોડીને એક ખાસ એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે, જેને 'એનિમાલ્સ આધાર' નામ આપવામાં આવ્યું છે. આ એક એઆઈ સંચાલિત મોબાઈલ એપ્લિકેશન છે, જે પશુના નોઝ પેટર્ન પરથી તેની ડિજિટલ અને બાયોમેટ્રિક ઓળખ બનાવવાનું કામ સરળતાથી કરે છે. પરંતુ આટલો મોટો અને અનોખો વિચાર કોઈ મોટી કંપનીની એસી ઓફિસમાં બેસીને આવ્યો નહોતો. તેની સાચી શરૂઆત રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના દેરડી કુંભાજી નામના એક નાનકડા ગામથી થઈ હતી, અને તેની પાછળ શિવમ મોણપરાના મનમાં વર્ષોથી રહેલો એક આગવો અનુભવ જવાબદાર હતો. આ અનોખા મિશનમાં ત્રણ મિત્રો શિવમ મોણપરા, જયદીપ શેલડિયા અને આકાશ લીંબાણી એકસાથે જોડાયા હતા. આ ત્રણેય




મિત્રોએ સાથે મળીને એનિમલ્સ આધાર એપ્લિકેશન વિકસાવવાનું કામ શરૂ કર્યું હતું, જેમાં પશુની ડિજિટલ આઈડેન્ટિટી બનાવવાનો એક સફળ પ્રયાસ કરવામાં આવ્યો છે. આ યુવા ટીમે માત્ર સોફ્ટવેર બનાવવા પર જ આધાર ન રાખ્યો, પરંતુ પશુઓના મઝલ પ્રિન્ટને યોગ્ય રીતે કેપ્ચર કરવા માટે પોતાનું ખાસ મઝલ સ્કેનર ડિવાઈસ પણ જાતે વિકસાવ્યું હતું, જેના માટે તેઓને ઈન્ડિયન પેટન્ટ પણ પ્રાપ્ત થઈ ચૂક્યું છે. આ નવી ટેકનોલોજીની વાસ્તવિક ક્ષમતા અને ચોકસાઈ ચકાસવા માટે આ ટીમે ૫,૦૦૦થી પણ વધુ પશુઓના મઝલ પર સતત ટેસ્ટિંગ હાથ ધર્યું હતું. ગામડાઓની મુશ્કેલ પરિસ્થિતિ, પશુઓની સતત થતી હલચલ અને ખેતરના વાતાવરણ વચ્ચે સતત ટેસ્ટિંગ કરીને તેમાં જરૂરી સુધારા-વધારા કરવામાં આવ્યા હતા. નાનકડા ગામમાંથી શરૂ થયેલા આ ક્રાંતિકારી વિચારને આગળ ધપાવવા માટે ભારત સરકાર તરફથી પણ આર્થિક મદદ મળી છે. આ ટીમને **MSME** તરફથી રૂ.૧૫ લાખની ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે, અને સાથોસાથ સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડમાંથી રૂ.૩૦ લાખ **CCD** (કમ્પલસરી કન્વર્ટિબલ ડિબેન્ચર્સ) તરીકે મંજૂર કરવામાં આવ્યા છે. આ ત્રણેય ફાઉન્ડર્સ પોતાના આ ઈનોવેટિવ આઈડિયા સાથે પ્રખ્યાત શો 'શાર્ક ટેન્ક ઈન્ડિયા'ના ઈન્ટરવ્યૂ તબક્કા સુધી પણ સફળતાપૂર્વક પહોંચી ચૂક્યા છે. આ એનિમલ્સ આધાર માત્ર એક આઈડી એપ નથી, પરંતુ તેમાં પશુઓની લે-વેચ, એઆઈ હેલ્થ ચેકર, એઆઈ એજ ડિટેક્ટર અને અન્ય ઘણું બધું પશુપાલન સંબંધિત ફીચર્સ ઉમેરવામાં આવ્યા છે. જેથી એક જ પ્લેટફોર્મ પર પશુપાલકોને પશુની ઓળખથી લઈને તેના સ્વાસ્થ્ય અને વેપાર સુધીની તમામ સેવાઓ સરળતાથી મળી રહે. આ એપ્લિકેશનનું સત્તાવાર જાહેર લોન્ચિંગ દિવાળી ૨૦૨૬ દરમિયાન કરવાની સરસ યોજના ઘડી છે.

# ઉત્તરાખંડમાં બે ધારાસભ્યો સહિત ૨૪ સામે બિનજામીનપાત્ર વોરંટ

દેહરાદૂન, તા.૧૮

ઉત્તરાખંડના કાશીપુરમાં ૨૦૧૨ના હાઈવે રોકવાના કેસમાં બે વર્તમાન ધારાસભ્યો સહિત ૨૪ આરોપીઓ સામે કોર્ટએ બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યા છે. ૧૫ જુલાઈ, ૨૦૧૨ના રોજ એક યુવતીને અન્ય સમુદાયના યુવક દ્વારા ભગાડી જવાના આરોપ બાદ કાશીપુર-જસપુર હાઈવે રોકવામાં આવ્યો હતો. પોલીસે ધાર્મિક લાગણી ભડકાવવા અને હાઈવે અવરોધવા સહિતની કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. ૯ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ કેસમાં ટ્રાયલ શરૂ થયો હતો. ૨૦૧૯માં રાજ્ય સરકારે કેસ પરત ખેંચવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોર્ટએ અરજી ફગાવી દીધી હતી. નૈનીતાલ હાઈકોર્ટની એકલ પીઠે ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પણ અરજી ફગાવી ટ્રાયલ ઝડપી પૂર્ણ કરવા જણાવ્યું હતું. ત્યારબાદ કાશીપુરની ન્યાયિક મેજિસ્ટ્રેટ કોર્ટએ ૨૪ આરોપીઓ સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યા છે.

# કુંકાવાવ PGVCL કચેરીને રાત્રે ખેડૂતોનો ઘેરાવ, વીજ સમસ્યા અંગે રામધૂન સાથે વિરોધ

કુંકાવાવ, તા.૧૮

કુંકાવાવ તાલુકાના અમરાપુર ગામના ખેડૂતો અને ગ્રામજનો દ્વારા વીજ પુરવઠાની સમસ્યાને લઈને રાત્રિના સમયે કુંકાવાવ **PGVCL** કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો હતો. ખેડૂતોના જણાવ્યા મુજબ, દિવસ દરમિયાન ગામમાં માત્ર આઠ કલાક જેટલો વીજ પુરવઠો મળતો હોવાથી ખેતીકામ સહિત રોજિંદા



કામકાજમાં ભારે મુશ્કેલી પડી રહી છે. વારંવાર રજૂઆત કરવા છતાં વીજ પુરવઠાની સમસ્યાનું નિરાકરણ ન આવતા ખેડૂતોમાં રોષ જોવા મળ્યો હતો. આ અંગે પાંચ દિવસ અગાઉ પણ અમરાપુરના ખેડૂતોએ કુંકાવાવ **PGVCL** કચેરી ખાતે પહોંચી ઘેરાવ કરી આવેદનપત્ર આપ્યું હતું. તે સમયે પાંચ દિવસમાં પ્રશ્નનું નિરાકરણ લાવવાની રજૂઆત કરવામાં આવી હતી. જોકે, પાંચ દિવસ વીતી જવા છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા ખેડૂતો રાત્રિના સમયે ફરી **PGVCL** કચેરી ખાતે પહોંચ્યા હતા. ખેડૂતોએ કચેરીનો ઘેરાવ કરી રામધૂન શરૂ કરી વીજ પુરવઠો નિયમિત કરવાની માંગ સાથે વિરોધ નોંધાવ્યો હતો.

# કોંગ્રેસ રાજકીય ઈતિહાસથી અજાણ છે: સુધાંશુ ત્રિવેદી

નવી દિલ્હી, તા.૧૮

તૃણમૂલ કોંગ્રેસના નામ અને ચૂંટણી પ્રતીક અંગે રાહુલ ગાંધીના નિવેદન બાદ ભાજપે વળતો પ્રહાર કર્યો છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ રાહુલ ગાંધી પર કોંગ્રેસના રાજકીય ઈતિહાસથી અજાણ હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી જે એનસીપી અને તૃણમૂલ કોંગ્રેસનો ઉલ્લેખ કરી રહ્યા છે, તે બંને પક્ષો કોંગ્રેસમાંથી અલગ થઈને બન્યા છે. શરદ પવારે ૧૯૯૯માં કોંગ્રેસથી અલગ થઈ એનસીપીની રચના કરી હતી, જ્યારે મમતા બેનર્જીએ ૧૯૯૭માં કોંગ્રેસ છોડીને તૃણમૂલ કોંગ્રેસની સ્થાપના કરી હતી. રાહુલ ગાંધીએ તૃણમૂલ કોંગ્રેસના વિવાદને લઈને ભાજપ અને ચૂંટણી પંચ પર વિપક્ષી પક્ષોને તોડવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે તેને 'પાર્ટી ચોરી' ગણાવી હતી. ભાજપે આ આરોપોને નકારીને કોંગ્રેસના રાજકીય ઈતિહાસનો ઉલ્લેખ કર્યો હતો.

# બ્રિક્સ બેઠક બાદ બાંગ્લાદેશી પીએમ તારિક રહેમાન નવેમ્બર-ડિસેમ્બરમાં ભારત આવે તેવી સંભાવના

નવી દિલ્હી, તા.૧૮

બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાન નવેમ્બર અથવા ડિસેમ્બરની શરૂઆતમાં ભારતની મુલાકાત લઈ શકે છે. અહેવાલો અનુસાર, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવા માટે સત્તાવાર સ્તરે ચર્ચા ચાલી રહી છે. રહેમાનની ભારત મુલાકાતની તારીખ અંગે હજુ અંતિમ નિર્ણય



લેવાયો નથી. ભારતના વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે રહેમાનને ભારત તરફથી બે અલગ આમંત્રણ મળ્યાં હતાં. એક દ્વિપક્ષીય મુલાકાત માટે અને બીજું બ્રિક્સ સમિટના આઉટરીચ સત્રમાં બિમ્સટેકના અધ્યક્ષ તરીકે ભાગ લેવા માટે હતું. રહેમાન બ્રિક્સ સમિટમાં હાજર રહ્યા ન હતા, જોકે અલગથી ભારતની દ્વિપક્ષીય મુલાકાતની શક્યતા ખુલ્લી રાખવામાં આવી હતી. અહેવાલો મુજબ, સંભવિત મુલાકાત દરમિયાન બંને દેશોના સંબંધો અને વિવિધ દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે. રહેમાને ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

# તૃણમૂલ કોંગ્રેસના બંને જૂથોને ચૂંટણી પંચે નવા નામ અને પ્રતીકો ફાળવ્યા

કોલકાતા, તા.૧૮

ચૂંટણી પંચે તૃણમૂલ કોંગ્રેસના બે હરીફ જૂથોને આગામી પેટાચૂંટણીઓ માટે અલગ નામ અને ચૂંટણી પ્રતીકો ફાળવ્યા છે. મમતા બેનર્જીના જૂથને 'મમતા ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' નામ અને 'ફૂટબોલ ખેલાડી'નું પ્રતીક આપવામાં આવ્યું છે. જ્યારે ઋતબ્રત બેનર્જીના જૂથને 'ડેમોક્રેટિક તૃણમૂલ




કોંગ્રેસ' નામ અને 'લિફાફા'નું પ્રતીક ફાળવવામાં આવ્યું છે. આ નિર્ણય અગાઉ પંચે તૃણમૂલ કોંગ્રેસનું મૂળ નામ 'ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' અને પરંપરાગત 'ફૂલ અને ઘાસ'નું પ્રતીક વચગાળાના ધોરણે સ્થગિત કર્યા બાદ લીધો છે. બંને જૂથોને ૬ ઓક્ટોબરે યોજાનારી નંદીગ્રામ અને રેજીનગર વિધાનસભા પેટાચૂંટણીમાં નવા નામ અને પ્રતીકો સાથે ચૂંટણી લડવાની રહેશે. પંચે બંને જૂથોને પશ્ચિમ બંગાળ, મેઘાલય અને ત્રિપુરામાં માન્ય રાજકીય પક્ષ તરીકે ગણાવ્યા છે.

# એશિયન ગેમ્સમાં મનુ ભાકર અને તજિન્દર તૂર બનશે ભારતના ધ્વજવાહક

નવી દિલ્હી, તા.૧૮

જાપાનના આઈચી-નાગોયામાં યોજાનારા ૨૦૨૬ એશિયન ગેમ્સના ઉદ્ઘાટન સમારોહમાં શૂટર મનુ ભાકર અને શોટપુટર તજિન્દર પાલ સિંહ તૂર ભારતના ધ્વજવાહક બનશે. ૧૯ સપ્ટેમ્બરે યોજાનારા સમારોહમાં બંને રમતવીરો ભારતીય ટુકડીનું નેતૃત્વ કરશે. મનુ ભાકરે ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકમાં બે બ્રોન્ઝ



મેડલ જીતીને ઐતિહાસિક સિદ્ધિ મેળવી હતી. જ્યારે તજિન્દર તૂરે ૨૦૧૮ જકાર્તા અને ૨૦૨૨ હાંગઝોઉ એશિયન ગેમ્સમાં શોટપુટમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા. હવે તેઓ સતત ત્રીજો એશિયન ગેમ્સ ગોલ્ડ મેડલ જીતવાના પ્રયાસમાં રહેશે. ભારતે ૨૦૨૨ની એશિયન ગેમ્સમાં રેકોર્ડ ૧૦૭ મેડલ જીત્યા હતા. આ વખતે ભારતીય ટુકડી અગાઉના પ્રદર્શનને વધુ આગળ વધારવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે.

# દિલ્હીમાં કિશોરી પર સામૂહિક બળાત્કાર બાદ હત્યા, ચાર આરોપી ઝડપાયા


નવી દિલ્હી, તા.૧૮

દિલ્હીના સ્વરૂપ નગર વિસ્તારમાં કિશોરી પર સામૂહિક બળાત્કાર બાદ હત્યાના કેસમાં પોલીસે ૭૨ કલાકમાં ચાર આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓમાં ત્રણ સગીરનો સમાવેશ થાય છે. ૧૩ સપ્ટેમ્બરની સવારે ખુલ્લા ખેતરમાંથી કિશોરીનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે ૫૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા બાદ શંકાસ્પદ ટેમ્પોની ઓળખ કરી હતી. ટેમ્પો ચાલકની પૂછપરછના આધારે પોલીસે આરોપીઓ સુધી પહોંચીને ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલી બે છરી, ઘટનાસમયે પહેરેલા કપડાં તથા ટેમ્પો જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં કિશોરી તેના પરિચિત સગીરને મળવા ગઈ હોવાનું સામે આવ્યું છે. પોલીસે સમગ્ર ઘટનાક્રમની તપાસ હાથ ધરી છે અને અન્ય કોઈની સંડોવણી છે કે નહીં તે અંગે પણ તપાસ ચાલી રહી છે.

# ધર્મ બાંધતો નથી, મુક્તિનો માર્ગ છે અને યુવાનોને દિશા આપે છે : મોહન ભાગવત

ઉજ્જૈન, તા.૧૮

ઉજ્જૈનના દેવાસ રોડ સ્થિત ગીતા ભવન ખાતે આયોજિત ત્રણ દિવસીય યુવા ધર્મ સંસદના બીજા દિવસે આરએસએસના સરસંઘચાલક ડો. મોહન ભાગવતે દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. સંબોધનમાં તેમણે ધર્મનો સાચો અર્થ સમજાવતા જણાવ્યું કે ધર્મ બંધન નહીં, પરંતુ મુક્તિનો માર્ગ



છે. ધર્મ માત્ર વૃધ્ધો માટે નથી, પરંતુ યુવાનોને જીવનમાં યોગ્ય દિશા આપવાનું સાધન છે. તેમણે કહ્યું કે કોઈ નવા વિચારને સમજવા માટે મનને સ્થિર અને ખુલ્લું રાખવું જરૂરી છે. કાર્યક્રમમાં દેશભરમાંથી આશરે ૧,૭૦૦ યુવા વિદ્યાર્થીઓ તથા ૩૦૦થી વધુ વિદ્વાનો, શિક્ષકો અને ધાર્મિક આગેવાનો ભાગ લઈ રહ્યા છે. ધર્મ, કૃત્રિમ બુદ્ધિમત્તા અને માહિતી-વિચાર સંઘર્ષ જેવા સમકાલીન વિષયો પર ચર્ચા યોજાઈ રહી છે.

# નાઈજીરીયામાં મિથેનોલયુક્ત ઝેરી પીણુ પીવાથી ૪૮ લોકોનાં મોત, ૧૦૦થી વધુ બીમાર

ઓન્ડો, તા.૧૮

નાઈજીરીયાના ઓન્ડો રાજ્યમાં કથિત મિથેનોલયુક્ત સ્થાનિક પીણું પીધા બાદ ઓછામાં ઓછા ૪૮ લોકોનાં મોત થતાં હાહાકાર મચી ગયો છે. આ ઘટનામાં ૧૦૦થી વધુ લોકો બીમાર પડ્યા છે, જેમાંથી અનેકને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. રાજ્યના આરોગ્ય કમિશનર બાંજી અજાકાએ



જણાવ્યું કે ઓડિગ્બો અને ઈરેલે વિસ્તારોમાં કુલ ૧૮૨ લોકોને અસર થઈ છે.

પોલીસ પ્રવક્તા અબાયોમી જીમોહે જણાવ્યું કે ઘટનાના સંદર્ભમાં ૧૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમાં એક વ્યક્તિ મિથેનોલયુક્ત પીણું બનાવતો હોવાનું સામે આવ્યું છે અને તે તપાસમાં પોલીસને સહકાર આપી રહ્યો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, મિથેનોલના સેવનથી કિડની નિષ્ફળતા, દૃષ્ટિ ગુમાવવી અને મગજને નુકસાન થવાનું જોખમ રહે છે.

સ્થાનિક અહેવાલો અનુસાર, પ્રથમ મૃત્યુ લગભગ બે અઠવાડિયા પહેલાં નોંધાયું હતું. નાઈજીરીયાના ગ્રામીણ વિસ્તારોમાં સ્થાનિક દારૂનો વપરાશ સામાન્ય છે.

# રશિયા નાટો દેશો પર ડ્રોન-રોકેટ હુમલો કરી શકે : પોલેન્ડના પીએમ ટસ્કની ચેતવણી

વોર્સો, તા.૧૮

પોલેન્ડના વડા પ્રધાન ડોનાલ્ડ ટસ્કે રશિયા દ્વારા નાટોના પૂર્વીય દેશો પર ડ્રોન અથવા રોકેટથી હુમલો થવાના સંભવિત જોખમ અંગે ચેતવણી આપી છે. પોલેન્ડની સંસદમાં સંબોધન દરમિયાન ટસ્કે જણાવ્યું હતું કે રશિયા યુક્રેનને ટેકો આપતા યુરોપિયન દેશોને નિશાન બનાવી શકે છે અને હુમલા બાદ તેને અકસ્માત ગણાવી નાટોની સંયુક્ત પ્રતિક્રિયાને નબળી



પાડવાનો પ્રયાસ કરી શકે છે. તેમના જણાવ્યા મુજબ, નાટોના પૂર્વીય વિસ્તારમાં ડ્રોન અથવા અન્ય પ્રક્ષેપાસ્ત્ર પ્રવેશી નુકસાન પહોંચાડે તેવો વાસ્તવિક ખતરો છે. ટસ્કે રશિયા દ્વારા જેટ-સંચાલિત ડ્રોનના વધતા ઉપયોગનો પણ ઉલ્લેખ કર્યો હતો. આવા ડ્રોન વધુ ઝડપ અને ઊંચાઈએ ઉડી શકતા હોવાથી હવાઈ સંરક્ષણ માટે પડકારરૂપ બની શકે છે. ટસ્કે કહ્યું હતું કે નાટો, યુક્રેન અને અમેરિકાની ગુપ્તચર સંસ્થાઓ પાસેથી મળેલી માહિતીના આધારે તેમની ચિંતાઓ વધુ સ્પષ્ટ બની છે. તેમણે યુક્રેનની સરહદો અને સપ્લાય માર્ગોને નિશાન બનાવતી ઘટનાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. ટસ્કના જણાવ્યા મુજબ, રશિયા યુક્રેનની અર્થવ્યવસ્થા અને લોજિસ્ટિક્સને નુકસાન પહોંચાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

સાવરકુંડલામાં દોઢ ઈંચ, બગસરામાં એક ઈંચ વરસાદ ખાબક્યો,પાકને જીવનદાન

# અમરેલી જિલ્લામાં સચરાચર વરસાદથી ખેડૂતોમાં ખુશી

**બે દિવસના વિરામ બાદ ફરી વરસાદ શરૂ થતાં રાહત**

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લામાં બે દિવસના વિરામ બાદ જોરદાર વરસાદી ઝાંપટા પડ્યા હતા. સાવરકુંડલા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારથી વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. સવારથી જ આકાશમાં કાળા વાદળો ઘેરાયા બાદ અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદ સમાન બન્યો છે. વરસાદના કારણે ખેતરોમાં ઉભા પાકને નવજીવન મળવાની આશા જાગી છે. સાવરકુંડલા શહેરમાં પણ વહેલી સવારથી વરસાદી માહોલ છવાયો હતો. વરસાદના કારણે રસ્તાઓ ભીંજાઈ ગયા હતા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.વરસાદ વરસતા લોકોને ગરમી અને ઉકળાટમાંથી રાહત મળી હતી. ચોમાસા દરમિયાન વરસાદના વિરામ બાદ ફરી મેઘમહેર થતાં ખેડૂતોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. શહેર ઉપરાંત પંથકના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો વરસાદ નોંધાયો હતો. જેના કારણે ખેતીલાયક જમીનમાં


તસવીર : મયુર પંડ્યા

ભેજનું પ્રમાણ વધ્યું છે. ખેડૂતોમાં આગામી દિવસોમાં પાકની સારી વૃદ્ધિ અને ઉત્પાદનની આશા મજબૂત બની છે. ખાસ કરીને કપાસ, મગફળી અને સોયાબીન જેવા પાક માટે આ વરસાદ ફાયદાકારક બની રહે તેવી ખેડૂતો આશા વ્યક્ત કરી રહ્યા છે.દરમિયાન બગસરા શહેર અને પંથકમાં પણ બે દિવસના વિરામ બાદ ફરી વરસાદ શરૂ થયો છે. રાતથી જ બગસરા વિસ્તારમાં વરસાદી ઝાપટાં પડવાનું શરૂ થયું હતું. ત્યારબાદ વહેલી સવારથી વરસાદી માહોલ વધુ ઘેરો બન્યો હતો. બગસરા પંથકના આશરે ૩૪ ગામોમાં વરસાદી માહોલ છવાયો છે. અનેક ગામોમાં હળવાથી મધ્યમ વરસાદના ઝાપટાં પડતાં ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. લાંબા વિરામ બાદ વરસેલા વરસાદથી ખેતરોમાં ભેજનું પ્રમાણ વધતાં ઉભા પાકને રાહત મળવાની શક્યતા છે.બગસરા પંથકમાં વરસેલા વરસાદથી કપાસ, મગફળી અને સોયાબીન સહિતના પાકને ફાયદો થવાની આશા ખેડૂતોમાં જાગી છે. વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં પણ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ગરમી અને બફારાથી લોકોને રાહત મળી હતી. હાલ આકાશમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે અને આગામી દિવસોમાં પણ વધુ વરસાદ પડે તેવી શક્યતા વચ્ચે ખેડૂતોની નજર આકાશ તરફ મંડાયેલી છે. ફરી શરૂ થયેલી મેઘમહેરથી સાવરકુંડલા અને બગસરા પંથકના ખેડૂતોમાં પાકની વૃદ્ધિ અને સારા ઉત્પાદન અંગે આશાવાદ વધ્યો છે.

## અમદાવાદમાં મોટાભાઈએ કાતરના ઘા મારી નાના ભાઈની હત્યા કરી


અમદાવાદ,તા.૧૮



અમદાવાદના વાડજ વિસ્તારમાં આવેલા ગાંધીનગરના ટેકરામાં મોટા ભાઈએ કાતરના ઘા મારી નાના ભાઈની હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. ૨૮ વર્ષીય નરેશ ચૌહાણ પરિવાર સાથે રહેતો હતો અને બેરોજગાર હોવાથી બંને ભાઈઓ વચ્ચે અવારનવાર બોલાચાલી થતી હતી. આજે સાંજે પૈસાની બાબતે બંને વચ્ચે તકરાર થઈ હતી. દરમિયાન બોલાચાલી ઉગ્ર બનતા મોટા ભાઈ રાજુ ચૌહાણે ઘરમાં પડેલી કાતર વડે નરેશ પર હુમલો કર્યો હતો. રાજુએ નરેશના પીઠ અને પેટના ભાગે કાતરના ૭થી ૮ ઘા માર્યા હતા. ગંભીર ઈજાઓના પગલે નરેશનું મોત થયું હતું. પોલીસે રાજુની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

## રાજકોટમાં બ્યુટીપાર્લર સંચાલિકાની હત્યા, ઘરમાંથી લોહીલુહાણ લાશ મળી

રાજકોટ, તા.૧૮



રાજકોટના કાલાવડ રોડ પર આવેલી બાપા સીતારામ સોસાયટીમાં ૫૫ વર્ષીય ગીતાબેન કિશોરભાઈ વાજાની તેમના જ ઘરમાં હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી છે. ગીતાબેન ઘર નજીક બ્યુટીપાર્લર ચલાવી જીવનનિર્વાહ કરતા હતા. આજે સવારે આશરે ૯ વાગ્યે તેમનો પુત્ર આશિષ વાજા ઘરે આવ્યો હતો. ઘરમાં પ્રવેશતા તેણે માતાને જમીન પર લોહીલુહાણ અને બેભાન હાલતમાં પડેલા જોયા હતા. તેણે તાત્કાલિક ૧૦૮ને જાણ કરી હતી. ૧૦૮ની ટીમે મહિલાને મૃત જાહેર કરી હતી. ઘટનાની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતનો સ્ટાફ સ્થળ પર પહોંચ્યો હતો. પ્રાથમિક તપાસમાં ગીતાબેન પતિ કિશોરભાઈ અને પુત્ર આશિષથી અલગ રહેતા હોવાનું જાણવા મળ્યું છે. અન્ય પુત્ર જીતુ અમદાવાદમાં રહે છે. હત્યા કોણે અને કયા કારણોસર કરી તે અંગે પોલીસ તપાસ હાથ ધરાઈ છે.

## રાજકોટમાં ૧૬૩ આવાસનો ડ્રો રદ, ગેરરીતિની ફરિયાદોથી તપાસ

રાજકોટ, તા.૧૮

રાજકોટ મહાનગરપાલિકાએ વિસ્થાપિત લાભાર્થીઓ માટે યોજાયેલ ૧૬૩ આવાસનો ડ્રો રદ કરવાનો નિર્ણય લીધો છે. ૩ સપ્ટેમ્બરે યોજાયેલા ડ્રોમાં વિસંગતતા અંગે ફરિયાદો મેયર ડો. નેહલ શુક્લ સુધી પહોંચ્યા બાદ પ્રાથમિક તપાસ હાથ ધરાઈ હતી. તપાસમાં કેટલીક બાબતો સામે આવતા સમગ્ર ડ્રો રદ કરાયો છે. આ ડ્રોમાં જંગલેશ્વર, સાગરનગર, બેટ દ્વારકા અને લલુડી વોંકળી વિસ્તારના લાભાર્થીઓનો સમાવેશ થયો હતો. સમગ્ર મામલાની વચ્ચે ભાજપના વોર્ડ નંબર-૬ના મહિલા કોર્પોરેટર ધર્મિષ્ઠાબેન પરમારનું નામ પણ ચર્ચામાં આવ્યું છે. તેમની પાસે સંયુક્ત માલિકીનું આવાસ હોવાનું સામે આવ્યું છે. ધર્મિષ્ઠાબેનના જણાવ્યા મુજબ, તેમણે આ આવાસ ૨૦૧૪માં, કોર્પોરેટર બન્યા પહેલાં નિયમ મુજબ મેળવ્યું હતું. હવે આવાસ ફાળવણીની નવી પ્રક્રિયા હાથ ધરાશે.

## ભેંસાણના ઉમરાળી ગામે ફાર્મ હાઉસમાંથી રૂ.૧.૨૨ કરોડનો દારૂ ઝડપાયો

**એસએમસીએ ૧૦૧૫ દારૂની પેટી સાથે બે શખ્સોની ધરપકડ કરી**

જૂનાગઢ, તા.૧૮



ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના ઉમરાળી ગામે દરોડો પાડી ધારી-ગુંદાળી રોડ પર આવેલા ફાર્મ હાઉસમાંથી વિદેશી દારૂ અને બિયરની ૧૦૧૫ જેટલી પેટીઓ ઝડપી પાડી હતી. કબજે કરાયેલા જથ્થાની કિંમત આશરે રૂ.૧.૨૨ કરોડ હોવાનું જાણવા મળ્યું છે. દારૂના જથ્થા ઉપરાંત પોલીસે ઘટનાસ્થળેથી ત્રણ વાહનો પણ જપ્ત કર્યા હતા. આમ, કુલ રૂ.૧.૫૩ કરોડનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન પ્રકાશ ખુમાણ અને જયવીર ખુમાણ નામના બે શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે દારૂના કટિંગ અને નેટવર્ક સાથે જોડાયેલા અન્ય ૧૩ શખ્સોને વોન્ટેડ જાહેર કરાયા છે. ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે એસએમસીની ટીમે તપાસ હાથ ધરી છે. એસએમસીની આ કાર્યવાહી બાદ ભેંસાણ પોલીસ અને જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની કામગીરી અંગે ચર્ચા શરૂ થઈ છે. અગાઉ પણ ભેંસાણ વિસ્તારમાં દારૂનો જથ્થો ઝડપાયો હતો. હાલ ઝડપાયેલા દારૂના જથ્થાનો સ્ત્રોત, સપ્લાય નેટવર્ક અને તેમાં સંડોવાયેલા અન્ય શખ્સો અંગે તપાસ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ, સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ફાર્મ હાઉસમાં દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે અંગે પૂછપરછ શરૂ કરવામાં આવી છે. એસએમસી દ્વારા જપ્ત કરાયેલા વાહનોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

## અમદાવાદના ઘાટલોડિયા ગણેશોત્સવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હાજરી આપી

અમદાવાદ, તા.૧૮




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઘાટલોડિયા વિધાનસભા મતવિસ્તારમાં ગણેશોત્સવની ઉજવણીમાં ભાગ લીધો હતો. તેમણે મેમનગરના તરુણ નગર-૨ ખાતે આયોજિત ગણેશ પંડાલની મુલાકાત લઈ ભગવાન ગણેશના દર્શન કર્યા અને આરતીમાં જોડાયા હતા. મુખ્યમંત્રીએ પંડાલની સજાવટ, થીમ અને આયોજનની પ્રશંસા કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે બનાવાયેલી રંગોળી અને પ્રગટાવાયેલા દીવડાઓની પણ તેમણે નોંધ લીધી હતી. આ પ્રસંગે તેમણે ઉપસ્થિત નાગરિકોનું અભિવાદન સ્વીકાર્યું અને બાળકો સાથે વાતચીત કરી હતી. કાર્યક્રમમાં અમદાવાદના મેયર હિતેશ બારોટ, શહેર પ્રમુખ પ્રેરક શાહ સહિત સામાજિક અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉત્તર ગુજરાતમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ, ૮ જિલ્લામાં એલર્ટ

મહેસાણા, તા.૧૮

ગુજરાતમાં ચોમાસાએ ફરી જોર પકડતાં ઉત્તર ગુજરાતમાં વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસ્યો હતો. પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદથી અનેક સ્થળોએ પાણી ભરાયા હતા. હવામાન વિભાગે ભારે વરસાદની આગાહીને પગલે વિવિધ જિલ્લાઓમાં એલર્ટ જાહેર કર્યું છે. સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં બે ઈંચથી વધુ વરસાદથી હરણાવ નદીમાં નવા નીર આવ્યા હતા. અરવલ્લીની મેશ્વો



નદીમાં પણ આ સિઝનમાં પ્રથમ વખત પાણીની આવક થતાં ખેડૂતોમાં આનંદ છવાયો હતો. બીજી તરફ મેઘરજ તથા મોડાસા-ગોધરા હાઈવે પર પાણી ભરાતા વાહનવ્યવહારને અસર થઈ હતી. પાટણ શહેરમાં રેલવે ગરનાળું પાણીમાં ગરકાવ થયું હતું. ઉત્તર ગુજરાતની નદીઓમાં નવા નીર આવતા ખેતી અને જળસ્રોતોને રાહતની આશા વ્યક્ત કરવામાં આવી છે. ખેડૂતોમાં પણ આશાનું વાતાવરણ સર્જાયું.

## અમદાવાદમાં ભારે વરસાદથી જળબંબાકાર

અમદાવાદ, તા.૧૮

અમદાવાદમાં સવારથી ભારે વરસાદ પડતા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા અને ટ્રાફિક જામ સર્જાયો હતો. શહેરના અખબારનગર, પરિમલ ગાર્ડન, શાહીબાગ, મકરબા અને મીઠાખળી અંડરપાસ બંધ કરાયા હતા. સરખેજ અને નવરંગપુરામાં ચાર ઈંચ વરસાદ નોંધાયો. વાસણા બેરેજના ૧૪ દરવાજા ખોલી ૧૭ હજાર ક્યુસેક પાણી છોડાયું.





